Tuesday
28.04.2026
✳Volume :10 ✳ Issue No.291
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી ૨૮-૨૯ એપ્રિલના રોજ ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી વારાણસીમાં મહિલા સંમેલનમાં ભાગ લેશે, જ્યાં તેઓ આશરે ₹. ૬,૩૫૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે

એક મુખ્ય કારણ શાહજહાંપુર જિલ્લામાં 3.5 કિમી લાંબી ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટીની જોગવાઈ છે, જે પ્રોજેક્ટના આર્થિક લાભો ઉપરાંત વ્યૂહાત્મક મૂલ્ય ઉમેરે છે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૮-૨૯ એપ્રિલના રોજ ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે. ૨૮મી એપ્રિલના રોજ સાંજે ૫ વાગ્યાની આસપાસ, પ્રધાનમંત્રી મહિલા સંમેલનમાં ભાગ લેશે, જ્યાં તેઓ વારાણસીમાં આશરે ₹. ૬,૩૫૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ આ પ્રસંગે સભાને સંબોધન પણ કરશે. ૨૯મી એપ્રિલના રોજ સવારે ૮:૩૦ વાગ્યાની આસપાસ, પ્રધાનમંત્રી વારાણસીમાં શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી હરદોઈ જશે અને સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ પ્રધાનમંત્રી ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે સભાને સંબોધન પણ કરશે.

વારાણસીમાં પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી મહિલા સંમેલનમાં ભાગ લેશે, જેમાં સમગ્ર પ્રદેશમાંથી મોટી સંખ્યામાં મહિલાઓની હાજરી જોવા મળશે. પ્રધાનમંત્રી ૧,૦૫૦ કરોડથી વધુના મૂલ્યના ૪૮ થી વધુ પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં વારાણસી-આઝમગઢ રોડ પહોળાનું કામ પૂર્ણ કરવું, કઝાકપુરા અને કાશીપુર ખાતે મહત્વપૂર્ણ રેલ ઓવર બ્રિજ (RO B) ખોલવા અને ભગવાનપુરમાં 55 MLD ની ક્ષમતાવાળા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) નું ઉદ્ઘાટન વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી સમુદાય-કેન્દ્રિત પ્રોજેક્ટ્સની વિવિધ શ્રેણીનું ઉદ્ઘાટન કરશે. જેમાં જલ જીવન મિશન હેઠળ ગ્રામીણ પીવાના પાણીની ૩૦ યોજનાઓ, ચંદ્રાવતી ઘાટનો પુનઃવિકાસ, સારનાથ પાસે સારંગનાથ મંદિરનો પ્રવાસન વિકાસ અને નગવા સ્થિત સંત રવિદાસ પાઠનું બ્યુટિફિકેશન અને રિનોવેશન ફ્રામ સામેલ છે. જાહેર સેવાઓ અને રમતગમતમાં વૃદ્ધિ પણ અગ્રણી છે, જેમાં યુપી કોલેજ ખાતે સિન્થેટિક હોકી ટર્ફ, રામનગરમાં ૧૦૦ બેડનું હાઇબ્રિડ અને ભલુપુરા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ૧૨૬ નો સોલર પાવર પ્લાન્ટ છે. પ્રધાનમંત્રી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ તિબેટન સ્ટડીઝ ખાતે સોવા રિગ્પા ભવન અને હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે, જે આધુનિક હેલ્થકેર સિસ્ટમ્સ સાથે પરંપરાગત દવાઓને એકીકૃત કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. પ્રધાનમંત્રી ૫,૩૦૦ કરોડથી વધુના મૂલ્યના ૧૧૨ થી વધુ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. આમાં અમૃત 2.0 (AMRUT 2.0) હેઠળ ગટર અને પાણી પુરવઠાની ૧૩ યોજનાઓ, શ્રી શિવ પ્રસાદ ગુપ્તા વિભાગીય જિલ્લા હોસ્પિટલ ખાતે ૫૦૦ બેડની મલ્ટી-સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલ, ભોજુવીર અને સિગ્રા ખાતે માર્કેટ કોમ્પ્લેક્સ અને ઓફિસ સ્પેસનું નિર્માણ, તળાવોનું નવીનીકરણ અને કાયાકલ્પ, ૧૯૮ બેડની હોસ્પિટલનો પુનઃવિકાસ, ૧૦૦ બેડના ક્રિટિકલ કેર બ્લોકનું નિર્માણ અને અસી ઘાટ, દશાશ્વમેધ ઘાટ અને નમો ઘાટ સહિતના મુખ્ય ઘાટો પર પ્રવાસન સુવિધાઓનો વિકાસ સામેલ છે. શાસન અને સામાજિક કલ્યાણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે, પ્રધાનમંત્રી ઈન્ટિગ્રેટેડ ડિવિઝનલ ઓફિસ, નગર નિગમ ઓફિસ બિલ્ડિંગ અને રામનગરમાં સરકારી બાળ આશ્રય ગૃહ અને જૂવેનાઈલ જસ્ટિસ બોર્ડનું શિલાન્યાસ પણ કરશે. પ્રધાનમંત્રી બનાસ ડેરી સાથે જોડાયેલા ઉત્તર પ્રદેશના દૂધ ઉત્પાદકોને બોનસ તરીકે ૧૦૫ કરોડથી વધુ રકમ પણ ટ્રાન્સફર કરશે. પ્રધાનમંત્રી વારાણસી જંકશન – પંડિત દીન દયાળ ઉપાધ્યાય જંકશન ગ્રીજી અને ચોથી રેલવે લાઇન પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે, જેમાં ગંગા નદી પર રેલ-કમ-રોડ બ્રિજનું નિર્માણ સામેલ છે. આ પ્રોજેક્ટ રેલવે ભીડ ઘટાડીને, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારીને, મલ્ટી-મોડલ કનેક્ટિવિટી મજબૂત કરીને અને ટ્રાફિક્ની અવરજવરને સરળ બનાવીને વારાણસી અને ચંદૌલી જિલ્લાઓને ફાયદો કરાવશે. તે કાશી વિશ્વનાથ ધામ, રામનગર વિસ્તાર અને નેશનલ હાઈવે-૭૯ સુધીની પહોંચમાં પણ સુધારો કરશે, જ્યારે પૂર્વ ઉત્તર પ્રદેશ અને બિહાર સાથે રેલ કનેક્ટિવિટી મજબૂત કરશે. પ્રધાનમંત્રી બેનવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને પણ લીલી ઝંડી બતાવશે: બનારસ-પુણે (હડપસર) અને અયોધ્યા-મુંબઈ (લોકમાન્ય તિલક ટર્મિનસ). આ ટ્રેનો સસ્તી અને આધુનિક મુસાફરી વૈકલ્પિક પૂરા પાડશે અને ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે કનેક્ટિવિટી વધારશે. બનારસ-પુણે સેવા કાશી વિશ્વનાથ ધામ સુધી સરળ પહોંચની સુવિધા આપશે, જ્યારે અયોધ્યા-મુંબઈ સેવા શ્રી રામ મંદિર તીર્થ ક્ષેત્રા સાથે ની કનેક્ટિવિટીમાં સુધારો કરશે, જે મુખ્ય ધાર્મિક સ્થળો વચ્ચેના જોડાણને મજબૂત બનાવશે.

હરદોઈમાં પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી હરદોઈ જિલ્લામાં ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરશે, જે દેશમાં વિશ્વ કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ગંગા એક્સપ્રેસવે ૫૮૪ કિલોમીટર લાંબો, ૬-લેન (૮ લેન સુધી વિસ્તારી શકાય તેવો), એક્સેસ-કંટ્રોલ્ડ ગ્રીનફિલ્ડ હાઈ-સ્પીડ કોરિડોર છે, જે અંદાજે ૩૬,૨૩૦ કરોડના કુલ ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ એક્સપ્રેસવે ૧૨ જિલ્લાઓ - મેરઠ, બુલંદશહર, હાપુર, અમરોહા, સંભલ, બદાઉન, શાહજહાંપુર, હરદોઈ, ઉન્નાવ, રાયબરેલી, પ્રતાપગઢ અને પ્રયાગરાજમાંથી પસાર થાય છે - જેનાથી ઉત્તર પ્રદેશના પશ્ચિમ, મધ્ય અને પૂર્વીય પ્રદેશોને સિંગલ સીમલેસ હાઈ-સ્પીડ કોરિડોર દ્વારા જોડવામાં આવે છે. આ પ્રોજેક્ટ મેરઠ અને પ્રયાગરાજ વચ્ચેના મુસાફરીના સમયને વર્તમાન ૧૦-૧૨ કલાકથી ઘટાડીને અંદાજે ૬ કલાક કરતેવી અપેક્ષા છે, જે અવરજવરમાં સરળતા અને પરિવહનમાં કાર્યક્ષમતા વધારશે. આ પ્રોજેક્ટની મુખ્ય વિશેષતા શાહજહાંપુર જિલ્લામાં ૩.૫ કિમી લાંબી ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (હવાઈ પટ્ટી) ની જોગવાઈ છે. આ દ્વિ-ઉપયોગી ઈન્ફ્રાસ્ટ્રક્ચર રાષ્ટ્રીય સુરક્ષા સજ્જતામાં વધારો કરે છે અને આર્થિક લાભો ઉપરાંત વ્યૂહાત્મક મૂલ્ય ઉમેરે છે. ગંગા એક્સપ્રેસવેને એક મુખ્ય આર્થિક કોરિડોર તરીકે કલ્પના કરવામાંઆવી છે, જેમાંતેના એલાઈનમેન્ટ સાથેના ૧૨ જિલ્લાઓમાં આશરે ૨,૬૩૫ હેક્ટર પર ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ અને લોજિસ્ટિક કોરિડોર વિકસાવવામાં આવશે. એક્સપ્રેસવે લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે, સપ્લાય ચેઇન કાર્યક્ષમતામાં સુધારો કરશે અને ઉત્પાદન સ્પર્ધાત્મકતાને વેગ આપશે. સુધારેલી કનેક્ટિવિટી ખેડૂતોને શહેરી અને નિકાસ બજારોમાં સીધી પહોંચ પૂરી પાડશે, જે કિંમતોની વધુ સારી અનુભૂતિ કરાવશે અને ગ્રામીણ આવકને મજબૂત બનાવશે. આ પ્રોજેક્ટથી પ્રવાસનને વેગ મળવાની, નવી આર્થિક તકો ખુલવાની અને સમગ્ર પ્રદેશમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થવાની અપેક્ષા છે.

ગંગા એક્સપ્રેસવે રાજ્યમાં વ્યાપક એક્સપ્રેસવે નેટવર્ક માટે કરોડરજ્જુ તરીકે પણ કામ કરશે, જેમાં આગ્રા-લખનૌ એક્સપ્રેસવે, જેવર વિકસિત એક્સપ્રેસવે, ફર્રુખાબાદ લિંક એક્સપ્રેસવે અને મેરઠથી હરિદ્વાર સુધીના સૂચિત વિસ્તરણ સહિત અનેક લિંક કોરિડોર કાં તો કાર્યરત છેઅથવા આયોજિત છે. આ ઉભરતી એક્સપ્રેસવે ગ્રીડ ઉત્તર પ્રદેશમાં પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી હાઈ-સ્પીડ રોડ કનેક્ટિવિટીનો વિસ્તાર કરશે, જે સંતુલિત પ્રાદેશિક વિકાસને સક્ષમ બનાવશે. ગંગા એક્સપ્રેસવે એ માત્ર પરિવહન પ્રોજેક્ટ નથી પરંતુ એક પરિવર્તનકારી પહેલ છે જે લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે, ઔદ્યોગિક રોકાણને આકર્ષિત કરશે, કૃષિ અને ગ્રામીણ આવકને વેગ આપશે, રોજગારી પેદા કરશે અને સમગ્ર રાજ્યમાં સર્વાંગી આર્થિક વિકાસ લાવશે.

માપદંડથી લઈને વિક્રમી ભાગીદારી સુધી: તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની ચૂંટણીઓએ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓને પ્રભાવિત કર્યા

કમલમ્,

ભારતના ચૂંટણી પંચ ના ઈન્ટરનેશનલ ઇલેક્શન વિઝિટર્સ પ્રોગ્રામ (IEVP) 2026 ના ભાગરૂપે, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ (તબક્કો ૧) માં વિધાનસભાની ચૂંટણીઓએ વૈશ્વિક ધ્યાન ખેંચ્યું છે. ક્રરળ કે ૧૬ દેશોના ૩૨ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને ઈન્ટરનેશનલ IDEA એ ભારતની ચૂંટણી પ્રક્રિયાઓના વ્યાપ, ચોકસાઈ અને જીવંતતા ને પ્રત્યક્ષ નિહાળી હતી. આ અનુભવને "લોકશાહીનો સાચો ઉત્સવ" ગણાવતા, પ્રતિનિધિઓએ વિક્રમી મતદારોની ભાગીદારી, ઝીણવટભર્યું આયોજન અને ભારતના ચૂંટણી પંચ (ECI) દ્વારા ચૂંટણીના સીમલેસ અમલીકરણની પ્રશંસા કરી હતી. તમિલનાડુના ચેન્નાઈમાં એક મતદાન મથક પર મતદાન નિહાળ્યા બાદ, મોરેશિયસના હાઈ કમિશનર એચ.ઈ. શ્રીમતી શીલા બાઈ બાપ્પુએ કહ્યું, "ભારત સમગ્ર વિશ્વને અનુભવ, પ્રક્રિયાઓ અને જ્ઞાન આપી રહ્યું છે કે આ પ્રક્રિયા કેવી રીતે ક્રવી. આ જ છે લોકશાહી — મતને મતદારો સુધી પહોંચાડવાની વ્યવસ્થા." આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની તેમની બેદિવસીય મુલાકાત (૨૨-૨૩ એપ્રિલ) ની શરૂઆત રિસેપ્શન અને રિસ્ટ્રિક્ટેડ્યુશન સેન્ટર્સની મુલાકાત લઈને કરી હતી, જ્યાં તેઓએ સુનિયોજિત લોજિસ્ટિક્સ અને સ્થાપિત સ્ટેન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ દ્વારા ચૂંટણી સામગ્રીને મતદાન પક્ષોની વ્યવસ્થિત હિલચાલનું નિરીક્ષણ કર્યું હતું. "આજે હું રિસેપ્શન સેન્ટર પર ગઈ હતી અને ત્યાંનું જીવંત વાતાવરણ જોઈને હું ખૂબ પ્રભાવિત થઈ ગઈ પ્રમતદાન અધિકારીઓને ૩ ભાગોની ઈકર મશીનો આપવામાં આવતી હતી- કંટ્રોલ યુનિટ (CU), બેલેટ યુનિટ (BU) અને VVPAT, આ એક અદ્ભુત અનુભવ હતો પ ખૂબ પારદર્શક અને વ્યવસ્થિત." તેમ પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં ફિલિપાઈન્સના સુશ્રી મેલિસા એની એમ. તેલન. એ જણાવ્યું પ્રતિનિધિઓએ તમિલનાડુના મુખ્ય ચૂંટણી અધિકારી તેમજ પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં દાર્જિલિંગ જિલ્લાના વરિષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે પણ વાતચીત કરી હતી. તેમને ચૂંટણીના એકંદર સંચાલન અને શાંતિપૂર્ણ અને સુચારુ રીતે ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. વાતચીત દરમિયાન, પ્રતિનિધિઓએ ચૂંટણી વ્યવસ્થાની પ્રશંસા કરી હતી અને ખાસ કરીને વરિષ્ઠ મતદારો અને દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs) માટે હોમ વોટિંગ (ઘરે બેસીને મતદાન) ની સુવિધાને એક અદ્ભુત પહેલ ગણાવી હતી.

પ્રતિનિધિઓએ મતદાન મથકોના ૧૦૦% વેબકાસ્ટિંગ પર નજર રાખવા માટે સ્થાપિત મીડિયા/વેબકાસ્ટિંગ કંટ્રોલ રૂમ ની પણ મુલાકાત લીધી હતી અને તેને પારદર્શિતા માટેનું એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. મતદારના દિવસે સવારે, પ્રતિનિધિઓએ મોક પોલ (Mock Polls) નું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ, તેઓએ વાસ્તવિક મતદાન પ્રક્રિયા જોવા માટે ચેન્નાઈ (તમિલનાડુ) અને સિલિગુડી અને કુર્સેઓંગ (પશ્ચિમ બંગાળ) ના વિવિધ મતદાન મથકોની મુલાકાત લીધી હતી. તેઓએ રેમ્પ, વ્હીલચેર, સ્વયંસેવકો અને ક્રેચ (બાળઘર) ની સુવિધાઓ તેમજ મહિલાઓ અને દિવ્યાંગો દ્વારા સંચાલિત સમર્પિત મતદાન મથકો સહિત મતદાન મથકોની વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી. "અમે મતદાન મથકોનું નિરીક્ષણ કર્યું; તમામ મતદાન મથકનું સંચાલન ખૂબ જ સારું અને સરસ છે" નેપાળના પ્રતિનિધિ શ્રી યજ્ઞ પ્રસાદ ભટ્ટરાઈ, સિલિગુડીમાં એક મતદાન મથક પર બોલતા. તમિલનાડુમાં, પ્રતિનિધિઓએ ચેન્નાઈમાં ખાતરીપૂર્વકની લઘુતમ સુવિધાઓ (assured minimum facilities) ની જોગવાઈ અને સુવ્યવસ્થિત, ક્લટર-કોડ મતદાન મથકોની પ્રશંસા કરી હતી. "મેં જે સૌથી મહત્વની વસ્તુ શીખી છે તે ન્યૂનતમ ખાતરીપૂર્વકની સુવિધાઓ છે જે ECI અનિર્જિલ્લા ચૂંટણી અધિકારી તેમના મતદારોને પૂરી પાડી રહ્યા છે. ખાસ કરીને હેલ્પ ડેસ્ક અને કવર સ્ક્રીનિંગ" ભૂટાનના પ્રતિનિધિ શ્રી શેરિંગ સામદ્રુપ, ચેન્નાઈમાં એક મતદાન મથક પર બોલતા. પશ્ચિમ બંગાળમાં, તેઓએ મતદાન મથકો પર આચરેય તપાસ સેવાઓની ઉપલબ્ધતાની સાથે ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારોની સુવિધા અને બહેતર મતદાન અનુભવ માટે મોબાઈલ ડિપોઝિટ ફેસિલિટી જેવી તાજેતરની પહેલોની પ્રશંસા કરી હતી. "હું મોબાઈલ હોલ્ડર પાકે ટર્થી આશ્ચર્યચકિત છું, જ્યાં મતદારોને તેમના મોબાઈલ ફોન સાથે મતદાનમાં જવાની મંજૂરી નથી હોતી પરંતુ તમે પોકેટમાં જેમા ક્રરો છો અને પછી તમે લઈ શકો છો, જે મતની ગુપ્તતા માટે છે.

બીજી એક વસ્તુ જે મને ખરેખર ગમી તે છે વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે આગમન કરવાની જગ્યા, તે ખરેખર પ્રશંસનીય છે." ક્રેન્યાના સુશ્રી રૂથ ખાતીવી કુલુન્ડુ, સિલિગુડીમાં એક મતદાન મથક પર બોલતા. મતદાનના સીમલેસ સંચાલન અને ઊંચા મતદાનની મુલાકાતી ટીમો દ્વારા પ્રશંસા કરવામાંઆવી હતી. તેઓએ ચૂંટણી વ્યવસ્થાપનના વ્યાપ અને ભવ્યતાને નિહાળવાની તક આપવા બદલ ECI નો આભાર માન્યો હતો અને પારદર્શિતા, સર્વસમાવેશકતા અને શ્રેષ્ઠતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને બિરદાવી હતી. અગાઉ, ૮-૯ એપ્રિલના રોજ, ૨૨ દેશોના ૩૮ પ્રતિનિધિઓએ આસામ, ક્રેરળ અને પુડુચેરીની મુલાકાત લીધી હતી; આમ, IEVP 2026 ના ભાગરૂપે ૩૮ દેશોના કુલ ૭૦ પ્રતિનિધિઓ અને ઈન્ટરનેશનલ IDEA એ ચૂંટણી પ્રક્રિયા હેઠળના પરાજયો/ કન્ફ્રાસિત પ્રદેશોની મુલાકાત લીધી હતી. જ્યારે વિશ્વ શીખવા માટે નિહાળી રહ્યું છે, ભારત અતુલનીય સ્કેલ અને વિક્રમી મતદારોની ભાગીદારી સાથે ચૂંટણી આયોજનમાં બેન્ચમાર્ક સેટ કરવાનું ચાલુ રાખે છે, જે ખરેખર લોકશાહીનો ઉત્સવ છે. EVP એ ECI નીએક મુખ્ય પહેલ છે, જેનો ઉદ્દેશ્ય ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ (EMBs) અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે આંતરરાષ્ટ્રીય સહયોગ અને જોડાણને પ્રોત્સાહન આપવાનો છે.

આ કાર્યક્રમ ભારતની ચૂંટણી પ્રક્રિયાના માળખા, સંસ્થાકીય પદ્ધતિઓ અને કાર્યકારી આર્કિટેક્ચરની વ્યાપક ઝાંખી પૂરી પાડે છે, જ્યારે પ્રતિનિધિઓને ચૂંટણી સંચાલનમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ અને નવીનતાઓથી પરિચિત કરે છે.

ત્રણ મહિનામાં બીજી વખત કંપની ભડકે બળી

વાપીની ક્રિએટિવ ટેક્સટાઈલ કંપનીમાં ભીષણ આગ લાગી

કંપનીના પ્રથમ અને બીજા માળે લાગેલી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું

કમલમ્, સાબરકાંઠા,

દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક હબ ગણાતા વાપીમાં ફરી એકવાર આગની મોટી દુર્ઘટના સામે આવી છે. વાપીની જાણીતી 'ક્રિએટિવ ટેક્સટાઈલ' કંપનીમાં આજે અચાનક વિકરાળ આગફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કંપનીના પ્રથમ અને બીજા માળે લાગેલી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું જેને પગલે ફાયર બ્રિગેડની અનેક ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, આગ કંપનીના ઉત્પાદન વિભાગમાં લાગી હતી. ટેક્સટાઈલ યુનિટ હોવાને કારણે ત્યાં મોટા પ્રમાણમાં કાપડનો જથ્થો, રો-મટેરિયલ અને મોંઘીદાટ મશીનરી આવેલી હતી. કાપડ જલ્દી સળગી ઉઠતું હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી અને આખી બિલ્ડિંગને લપેટમાં લઈ લીધી હતી. દૂર-દૂર સુધી આગના કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

સદનસીબે, આગ લાગી ત્યારે કંપનીમાં ફરજ બજાવતા તમામ કામદારોને સમયસર સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ જ ક્રિએટિવ ટેક્સટાઈલ કંપનીમાં છેલ્લા ૩ મહિનામાં આગ લાગવાની આ બીજી ઘટના છે.

વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે કંપનીના ફાયર સેફ્ટીના સાધનો અને નિયમોના પાલન સામે મોટા સવાલો ઊભા થયા છે. શું કંપનીમાં સુરક્ષાના પૂરતા સાધનો હતા? તે પછી તંત્રની બેદરકારીને કારણે આ ઘટના ક્રરી બની? તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

તંત્રી સ્થાનેથી......

૨૦૨૫-૨૬ માટે ઘઉંના ઉત્પાદન દૃશ્યઅંગેના કેટલાક મીડિયા અહેવાલોના પ્રતિભાવમાં, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે ઘઉંની વર્તમાન સિઝનને મિશ્ર છતાં સ્થિતિસ્થાપક તરીકે વર્ગીકૃત કરી શકાય છે, જે આબોહવાની પ્રતિકૂળતાઓ તેમજ ખેડૂતો દ્વારા લેવામાં આવેલા મજબૂત અનુકૂલનશીલ પગલાં બંનેદ્વારા ઘડવામાં આવી છે. ઘઉંનોપાક જે અંદાજિત ૩૩.૪ મિલિયન હેક્ટર વિસ્તારમાં વાવવામાં આવ્યો હતો, તેમાં સિઝન દરમિયાન જીવાતો અને રોગોનો કોઈ ઉપદ્રવ જોવા મળ્યો ન હતો. દેશમાં ઘઉંની વહેલી અને સમયસર વાવણીને કારણે ગત વર્ષની સરખામણીમાં વિસ્તારમાં વધારો થયો હતો. સિઝનના અંતમાં, ફેબ્રુઆરી મહિનામાં અસામાન્ય રીતે ઊંચા તાપમાને પાકને હીટ સ્ટ્રેસનો સામનો કરાવ્યો હતો, જેનાથી દાણા ભરાવાનો સમયગાળો અને ઉપજમાં ઘટાડો થયો હતો. વધુમાં, પાક પાકતી વખતે કેટલાક વિસ્તારોમાં અકાળે વરસાદ અને કરા પડવાને કારણે અનાજની ગુણવત્તા અને ઉપજને સ્થાનિક નુકસાન થયું હોવાની શક્યતા છે. જોકે, કેટલાક વળતર આપનારા પરિબળોને કારણે એકંદર ઉત્પાદનનો અંદાજ સાવચેતીપૂર્વક આશાવાદી છે જેમ કે: ઘઉંના પાકમાં કોઈ રોગ અથવા જીવાતને કારણે ઉપજમાં નુકસાન થયાના અહેવાલ નથી. ઉપરાંત, પાકના વિકાસના તબક્કા દરમિયાન નીંદણનો ઉપદ્રવ ઓછો હતો. વહેલી/સમયસર વાવણીમાં નોંધપાત્ર વધારો થયો છે, જે પાકને દાણા ભરાતી વખતે ટર્મિનલ હીટથી બચવા માટે સક્ષમ બનાવે છે. ૨૦૨૫-૨૬ દરમિયાન વાવેતર કરાયેલ વધારાના ૦.૬ મિલિયન હેક્ટર વિસ્તારથી સ્થાનિક નુકસાનની આંશિક ભરપાઈ થવાની અપેક્ષા છે. વધુમાં, ઉન્નત વરાયટલ રિપ્લેસમેન્ટ રેટ (VRR) એ વધુ ઉપજ આપતી, આબોહવા-સ્થિતિસ્થાપક અને રોગ-પ્રતિકારક જાતોના અપનાવવાની ગતિ તેજ કરી છે, જે ગરમી અને જૈવિક તાણ સામે ટકી રહેવા માટે વધુ સારી રીતે સજ્જ છે. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, એવી ધારણા છે કે હવામાનની વિસંગતતાઓની પ્રતિકૂળ અસરો મોટાભાગે વધેલા વિસ્તાર, વહેલી વાવણી અને સુધારેલી જાતોના અપનાવવા દ્વારા વળતર પામશે, જેનાથી ૨૦૨૪-૨૫ની પાક સિઝનની સરખામણીમાં સ્થિર રાષ્ટ્રીય ઘઉંના ઉત્પાદનને સમર્થન મળશે.

ખરીદી અને આગમનના વલણો ખરીદીનો ડેટા મુખ્ય રાજ્યોમાં મજબૂત ઉત્પાદન સ્તર સૂચવે છે:

હરિયાણાની મંડીઓમાં ઘઉંનું આગમન ૭૫ ન્ના સરકારી ખરીદીના લક્ષ્યાંકને વટાવી ગયું છે, જેમાં 56.13 LMની ખરીદી થઈ ચૂકી છે. ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ખરીદીમાં અંદાજે 9 LMTનો વધારો થયો છે.

મધ્ય પ્રદેશમાં, પ્રારંભિક ખરીદીનું લક્ષ્ય 78 LMT હતું, પરંતુ ઉચ્ચ ઉત્પાદન અંદાજોને કારણે રાજ્ય સરકારની વિનંતીઓ બાદ તેને સત્તાવાર રીતે વધારીને 100 LMT કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રનું ૨૦૨૫-૨૬ માટે ઘઉંનું ઉત્પાદન આશરે ૨૨.૯૦ લાખ ટન હોવાનો અંદાજ છે, જે તાજેતરના વર્ષોમાં સતત વધારો દર્શાવે છે. એપ્રિલ ૨૦૨૬ના અંત સુધીમાં, રાજ્યમાં સ્થિર આવક ખાસ કરીને મરાઠવાડા અને વિદર્ભ પ્રદેશોમાંથી જોવા મળી રહી છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, તે પુનરોચ્ચાર કરવામાં આવે છે કે જ્યારે સ્થાનિક હવામાન સંબંધિત અસરો જોવા મળી છે, ૨૦૨૫-૨૬ માટે ઘઉંનું એકંદર ઉત્પાદન દૃશ્ય સ્થિર અને સ્થિતિસ્થાપક છે, જે વધેલા વાવેતર વિસ્તાર, સુધારેલી કૃષિ પદ્ધતિઓ અને ઉન્નત જાતોના અપનાવવા દ્વારા સમર્થિત છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર અને રોકાણ મંત્રી શ્રી ટોડ મેકકલેએ ભારત-ન્યુઝીલેન્ડ FTA પર હસ્તાક્ષર કરતા પહેલા આગ્રામાં ઉદ્યોગ જોડાણનું નેતૃત્વ કર્યું

ભારત-ન્યુઝીલેન્ડની ભાગીદારી હાઇ-વેલ્યુ મેન્યુફેક્ચરિંગ અને ગ્લોબલ સોર્સિંગ મહત્વાકાંક્ષાઓને વેગ આપતી હોવાથી આગ્રા લેધર સેક્ટર ૨૦૩૦ સુધીમાં ૫૦ અબજ યુએસ ડોલરની વૃદ્ધિ પર નજર રાખી રહ્યું છે

ભારત-ન્યુઝીલેન્ડ FTA વેપાર, ગતિશીલતા, રોકાણ અને લોકો વચ્ચેના સંબંધોને આવરી લેતી ટેરિફથી પર એક વ્યાપક ભાગીદારી તરીકે સ્થાપિત

ઉદ્યોગે ફાર્મા, મેડિકલ ડિવાઇસ પર ભારત-ન્યુઝીલેન્ડ FTA ની જોગવાઈઓને આવકારી; ઝડપી નિયમનકારી પહોંચ અને સમર્પિત આયુષ (AYUSH) પ્રકરણ ક્ષેત્રની વૃદ્ધિને વેગ આપશે

શ્રી પીયૂષ ગોયલે ઉદ્યોગોને ભારત-ન્યુઝીલેન્ડ FTA હેઠળ શિક્ષણ, પ્રતિભા ગતિશીલતા અને ક્રોસ-સેક્ટર તકોનો લાભ લેવા વિનંતી કરી

કમલમ્,

ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વ્યાપાર કરાર (FTA) પર હસ્તાક્ષર કરવાની પૂર્વસંધ્યાએ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર અને રોકાણ મંત્રી શ્રી ટોડ મેકક્લેએ આગ્રામાં ઉદ્યોગ જોડાણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગના રાજ્ય મંત્રી શ્રી એસ.પી. બઘેલે પણ આ સંવાદમાં ભાગ લીધો હતો. આ વાતચીતમાં લેધર અને ફૂટવેર, આયુષ, મેડિકલ ડિવાઇસ, લાઇટ એન્જિનિયરિંગ, સ્પોર્ટ્સ ગુડ્સ સેક્ટર અને લઘુ ઉદ્યોગ ભારતી, ઉત્તર પ્રદેશના અગ્રણી ઉદ્યોગ પ્રતિનિધિઓ એકઠા થયા હતા. ઉદ્યોગોએ તેમના મંતવ્યો રજૂ કર્યા હતા જે ભારતની લેધર મેન્યુફેક્ચરિંગ કુશળતા, ફાર્મા ઉદ્યોગ, મેડિકલ ડિવાઇસ ઉદ્યોગ અને એન્જિનિયરિંગ ઉત્પાદનોની ઊંડાઈ અને વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. સર્વસમાવેશક, ભવિષ્યલક્ષી અને ભારતની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓમાં દ્રઢપણે મૂળ ધરાવતી વેપાર ભાગીદારી બાંધવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, બંને મંત્રીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત-ન્યુઝીલેન્ડ FTA એ માત્ર ટેરિફ કરાર કરતાં ઘણું વધારે છે. તે બજારની પહોંચ, કૃષિ ઉત્પાદકતા, રોકાણ, પ્રતિભા ગતિશીલતા, રમતગમત, પ્રવાસન અને લોકો વચ્ચેના સંબંધોમાં સહયોગને આવરી લેતું એક વ્યાપક માળખું છે, જે બંને દેશોના ઉત્પાદકો, ખેડૂતો, MSMEs, મહિલા સાહસિકો, વિદ્યાર્થીઓ અને કુશળ વ્યાવસાયિકોને લાભ પહોંચાડવા માટે રચાયેલ છે. આગ્રા, જે ભારતના લેધર ફૂટવેર ઉત્પાદનમાં આશરે ૭૫ ટકા હિસ્સો ધરાવે છે, તે તેના લેધર ફૂટવેર માટે જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન (GI) ટેગ ધરાવે છે અને વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP) યોજના હેઠળ ફ્લેગશિપ પ્રોડક્ટ છે. FTA દ્વારા અમલીકરણના દિવસથી જ ભારતની ૧૦૦ ટકા નિકાસ પરની ડ્યુટી નાબૂદ થવા સાથે અને લેધર તથા ફૂટવેર પરના ટેરિફ ૫ ટકાથી ઘટાડીને શૂન્ય કરવા સાથે, ભારતીય નિકાસકારો નિર્ણાયક સ્પર્ધાત્મક લાભ મેળવવા માટે તૈયાર છે. ઉદ્યોગના પ્રતિનિધિઓએ માસ પ્રોડક્શન (જથ્થાબંધ ઉત્પાદન) થી ઉચ્ચ મૂલ્યવૃદ્ધિ ધરાવતા ઉત્પાદન તરફના વ્યૂહાત્મક પરિવર્તનને કારણે ૨૦૩૦ સુધીમાં આ ક્ષેત્ર ૫૦ અબજ યુએસ ડોલર સુધી વધવાની સંભાવના પર ભાર મૂક્યો હતો. ન્યુઝીલેન્ડના સમૃદ્ધ કાચા ચામડાના સંસાધનો અને ભારતની ઉત્પાદન ક્ષમતાઓ એક મજબૂત પૂરકતા પ્રદાન કરે છે જેને બંને પક્ષોએ ઉપયોગમાં લેવા માટે આતુરતા દર્શાવી હતી. આ પ્રસંગે, બંને મંત્રીઓએ ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે આગ્રાને વૈશ્વિક સોર્સિંગ ડેસ્ટિનેશન, રોજગારનું એન્જિન અને વિશ્વ મંચ પર નિકાસ પાવરહાઉસ તરીકે સ્થાપિત કરવા વિશે વાત કરી હતી. આ સંવાદમાં ફાર્માસ્યુટિકલ અને મેડિકલ ડિવાઇસ સેક્ટરનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉદ્યોગના પ્રતિનિધિઓએ FTAની ઝડપી નિયમનકારી પહોંચ માટેની જોગવાઈઓને આવકારી હતી, જેમાં સમકક્ષ આંતરરાષ્ટ્રીય નિયામકોના GMP અને GCP નિરીક્ષણ અહેવાલોની સ્વીકૃતિનો સમાવેશ થાય છે, જે પાલનનો બોજ ઘટાડશે અને ભારતીય ઉત્પાદકો માટે ઉત્પાદન મંજૂરીઓને ઝડપી બનાવશે. તેઓએ FTA માં આરોગ્ય અને પરંપરાગત દવાઓ પર સમર્પિત પ્રકરણના સમાવેશને આવકાર્યો હતો, જે આયુષને માન્યતા આપતો બંને દેશો માટે પ્રથમ કિસ્સો છે. શ્રી પીયૂષ ગોયલે શિક્ષણ અને પ્રતિભા ગતિશીલતામાં આ કરાર દ્વારા ઉભી થતી મહત્વની તકો વિશે પણ વાત કરી હતી. મંત્રીએ ઉદ્યોગો અને હિતધારકોને આ જોગવાઈઓનો સક્રિયપણે લાભ લેવા વિનંતી કરી હતી, ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોને FTA દ્વારા ખુલતા નવા માર્ગો શોધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને સૌને આ કરારને બંને રાષ્ટ્રો વચ્ચે ઊંડી, લોક-કેન્દ્રીત ભાગીદારીના પ્રવેશદ્વાર તરીકે જોવા હાકલ કરી હતી. મેદનીને સંબોધતા શ્રી ગોયલે FTA ને દરવાજા અને મન બંને ખોલનારા ગણાવ્યા હતા અને ઉદ્યોગોને સામાન્યથી આગળ વિચારવા અને ફાર્મા, આયુષ, શિક્ષણ, રમતગમત, પ્રવાસન અને રોકાણ સહિતના તમામ ક્ષેત્રોમાં કરારના સંપૂર્ણ વ્યાપનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉદ્યોગ સંસ્થાઓને વિનંતી કરી કે તેના લાભો દરેક MSME અને નાના સાહસ સુધી પહોંચે તેવું સુનિશ્ચિત કરે. શ્રી ટોડ મેકક્લેએ પુનરોચ્ચાર કર્યો હતો કે ભારત ન્યુઝીલેન્ડ માટે વ્યૂહાત્મક પ્રાથમિકતા છે અને આને ન્યુઝીલેન્ડે પૂર્ણ કરેલ સર્વોચ્ચ ગુણવત્તાવાળો FTA ગણાવ્યો હતો. તેમણે બંને પક્ષોના વ્યવસાયોને સક્રિયપણે સંયુક્ત સાહસો (joint ventures) આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા અને ભારતની વધતી અર્થવ્યવસ્થામાં ન્યુઝીલેન્ડના વ્યવસાયો જોઈ રહ્યા છે તેવી નોંધપાત્ર રોકાણની તકો પર પ્રકાશ પાડ્યો હતો. આગ્રામાં ઉદ્યોગ જોડાણ કાર્યક્રમ નવી દિલ્હીમાં ભારત-ન્યુઝીલેન્ડ FTA પરના સીમાચિહ્નરૂપ હસ્તાક્ષર સાથે જોડાયેલ ઉચ્ચ સ્તરીય શ્રેણીબદ્ધ સંવાદોનો એક ભાગ છે, જે ૧૬ માર્ચ ૨૦૨૫ ના રોજ લોન્ચ થયાના વિક્રમી નવ મહિનામાં પૂર્ણ થયો છે, જે દ્વિપક્ષીય આર્થિક સંબંધોમાં નવા પ્રકરણની શરૂઆત કરે છે.

જાપાનથી આવેલા મુસાફરની પુછપરછ

અમદાવાદ એરપોર્ટથી વિશ્વની સૌથી મોંઘી પેનનો જથ્થો ઝડપાયો

જાપાનથી આવેલા એક મુસાફર પાસેથી ઉચ્ચ ગુણવત્તાની ૬૧ ડિઝાઈનર ઇંક પેન જપ્ત કરવામાં આવી છે

કમલમ્,અમદાવાદ,

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ૨૬મી એપ્રિલ ૨૦૨૬ના રોજ જાપાનથી આવેલા એક મુસાફર પાસેથી ઉચ્ચ ગુણવત્તાની ૬૧ ડિઝાઈનર ઈંક પેન જપ્ત કરવામાં આવી છે. મુસાફરે આ કિંમતી પેન જાહેર કર્યા વગર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. કસ્ટમ્સ વિભાગના જણાવ્યા અનુસાર, પકડાયેલી પેનોની ચોક્કસ કિંમતનું મૂલ્યાંકન હજુ ચાલી રહ્યું છે, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ આ પેનોની કુલ કિંમત આશરે ૩૦ લાખ રૂપિયા હોઈ શકે છે. આ મામલે કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ કાર્યવાહી હાથ ધરી મુસાફરની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઝડપાયેલા જથ્થામાં વિશ્વની સૌથી મોંઘી અને લિમિટેડ એડિશન પેનનો સમાવેશ થાય છે.

વિસ્કોન્ટી હોમો સેપિયન્સ લંડન ફોગ: આ પેન વિશ્વમાં માત્ર ૮૮૮ પીસ જ બનેલી છે. જેની કિંમત ૮૦ હજારથી એક લાખ રૂપિયાની આસપાસ છે. તે ૨૩ઘ પેલેડિયમ નિબ અને સ્ટર્લિંગ સિલ્વરથી બનેલી હોય છે.

મોંબ્લા માસ્ટરસ્ટુક લે-ગ્રાન્ડ: ૯૨૫ સ્ટર્લિંગ સિલ્વર બોડી પર 18K સોનાનો ઢોળ ચડાવેલી આ પેન કલેક્ટર્સ માટે દુર્લભ ગણાય છે. બજારમાં તેની કિંમત ૧ લાખથી ૨.૫૦ લાખ રૂપિયા સુધીની છે.

નાકાયા સાકુરા (લિમિટેડ એડિશન): એબોનાઈટમાંથી બનેલી આ પેન પર હાથથી 'માકી-એ' કળા દ્વારા ડિઝાઈન કરવામાં આવે છે. તેની કિંમત ૮૦ હજારથી ૨ લાખ રૂપિયાની વચ્ચે હોય છે.

પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન: વર્ષ ૧૯૨૭ની પીળા રંગ માટે પ્રખ્યાત પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન યલો પેન ઉચ્ચ ગુણવત્તાવાળા એક્રેલિક રેઝિન અને 18K સોનાની નિબથી બનેલી છે. આ આઈકોનિક પેનની કિંમત અંદાજે ૫૦,૦૦૦થી ૯૦,૦૦૦ રૂપિયાની વચ્ચે હોય છે.

તેનો ઉપયોગ મુખ્યત્વે પેન કલેક્ટર્સ અને ઉચ્ચ કક્ષાના પ્રોફેશનલ્સ દ્વારા એક કિંમતી સંગ્રહ અને સ્ટેટસ સિમ્બોલ તરીકે કરવામાં આવે છે.

આ પ્રકારની પેન સામાન્ય રીતે ઉચ્ચ અધિકારીઓ, મોટા ઉદ્યોગપતિઓ અને પેન કલેક્ટર્સ દ્વારા 'સ્ટેટસ સિમ્બોલ' તરીકે વાપરવામાં આવે છે. કસ્ટમ્સ વિભાગ હવે એ તપાસ કરી રહ્યું છે કે આટલી મોટી સંખ્યામાં કિંમતી પેન લાવવા પાછળનો હેતુ શું હતો અને આ કોઈ મોટા સ્મગલિંગ નેટવર્કનો ભાગ છે કે કેમ.

પીએમ નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં સિક્કિમના લાગસ્તલ બામ્બુ એન્ટરપ્રાઈઝ અને છુરપીના વખાણ કર્યા

લાગસ્તલ ડિઝાઇન સ્ટુડિયોના સ્થાપક ચીમી ઓંગમુ ભૂટિયાએ મહિલા સાહસિકોને સશક્ત બનાવવા બદલ પીએમનો આભાર માન્યો

કમલમ્,

તેમના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતના આજે ૧૩૩માં એપિસોડમાં, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર-પૂર્વને રાષ્ટ્રની અષ્ટલક્ષ્મી ગણાવતા તેની અપાર પ્રતિભા અને કુદરતી સૌંદર્યની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આ ક્ષેત્રની સિદ્ધિઓને ઘણીવાર મન કી બાતમાં હાઈલાઈટ કરવામાં આવે છે અને આજે તેમણે આવી જ એક સફળતા — વાંસ (Bamboo) ક્ષેત્રના પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. "મિત્રો, જે વસ્તુ એક સમયે બોજ તરીકે જોવામાં આવતી હતી તે આજે રોજગાર, વ્યવસાય અને નવીનતાને નવી ગતિ આપી રહી છે. આપણી માતાઓ અને બહેનો તેની સૌથી મોટી લાભાર્થી છે," પ્રધાનમંત્રીએ કહ્યું. તેમણે યાદ કર્યું કે બ્રિટિશ કાળના કાયદા હેઠળ, વાંસને અત્યંત કડક નિયમો ધરાવતા વૃક્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો હતો, જેનાથી તેનું પરિવહન અત્યંત મુશ્કેલ બન્યું હતું અને લોકોને વાંસ સંબંધિત આજીવિકાથી દૂર ધકેલી દેવામાં આવ્યા હતા. "૨૦૧૭ માં, કાયદામાં સુધારો કરીને, અમે વાંસને વૃક્ષોની શ્રેણીમાંથી હટાવી દીધો. તેના પરિણામો દરેક માટે છે. આજે, સમગ્ર ઉત્તર-પૂર્વમાં વાંસનું ક્ષેત્ર ફૂલીફાલી રહ્યું છે. લોકો સતત નવીનતા કરી રહ્યા છે અને તેમાં મૂલ્યવૃદ્ધિ કરી રહ્યા છે," તેમણે ઉમેર્યું. આ પરિવર્તનના ઉદાહરણને પ્રકાશિત કરતા પીએમ મોદીએ સિક્કિમમાં ગંગટોક પાસેની લાગસ્તલ બામ્બુ એન્ટરપ્રાઈઝ ટીમ વિશે વાત કરી. "મને સિક્કિમમાં ગંગટોક પાસે લાગસ્તલ બામ્બુ એન્ટરપ્રાઈઝ ટીમ વિશે પણ જાણવા મળ્યું. તે વાંસમાંથી હસ્તકલા, અગરબત્તીઓ, ફર્નિચર અને ઈન્ટિરિયર ડેકોર આઈટમ્સ બનાવે છે," તેમણે કહ્યું. લાગસ્તલ ડિઝાઈન સ્ટુડિયો, જેને અવારનવાર લાગસ્તલ અથવા લાગસ્તલ એન્ટરપ્રાઈઝ તરીકે ઓળખવામાં આવે છે, તે સિક્કિમના ગંગટોકમાં સ્થિત એક જાણીતું, મહિલા સંચાલિત વાંસ ઉત્પાદન સાહસ છે. સાહસિક, ટકાઉ સંશોધક અને ફેશન ડિઝાઈનર શ્રીમતી ચીમી ઓંગમુ ભૂટિયા દ્વારા સ્થાપિત આ સ્ટુડિયો ટકાઉ, પર્યાવરણને અનુકૂળ વાંસની હસ્તકલા, ઈન્ટિરિયર ડેકોર, લાઈટ ફિક્સર અને આધુનિક હોમ એસેસરીઝમાં નિષ્ણાત છે. ઉલ્લેખ બાદ પોતાનો આભાર વ્યક્ત કરતા શ્રીમતી ભૂટિયાએ કહ્યું, "હું સાહસિકતા, મહિલા સશક્તિકરણ અને ટકાઉ વિકાસ પ્રત્યેના તેમના સતત સમર્થન બદલ અમારા પ્રધાનમંત્રી અને સિક્કિમના મુખ્યમંત્રીનો હૃદયપૂર્વક આભાર માનવા માંગુ છું." તળિયાના સ્તરે પરિવર્તનને સક્ષમ કરવા માટે પ્રધાનમંત્રીના વિઝનને શ્રેય આપતા તેમણે કહ્યું, "પીએમ મોદીનો વિશેષ આભાર જેમણે એવા ભારતનું નિર્માણ કર્યું છે જ્યાં અમારા જેવા સામાન્ય લોકો મોટા સપના જોઈ શકે છે, પોતાનામાં વિશ્વાસ કરી શકે છે અને સફળતા માટે કામ કરી શકે છે. તમારા વિઝને સિક્કિમ જેવા નાના રાજ્યોના ઘણા વ્યક્તિઓને તેમની મર્યાદાઓથી બહાર વિચારવા અને અન્ય લોકો માટે તકો ઊભી કરવા માટે પ્રેરણા આપી છે." પ્રધાનમંત્રીએ ભારતના ડેરી ક્ષેત્રમાં ચાલી રહેલા મોટા પરિવર્તનની પણ નોંધ લીધી હતી, જ્યાં મૂલ્યવૃદ્ધિએ પરંપરાગત સ્વાદને નવી વૈશ્વિક ઓળખ આપી છે. સિક્કિમનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, "'છુરપી' (Chhurpi) સિક્કિમમાં ખૂબ જ લોકપ્રિય છે. પહાડોની સાદગી અને નમ્રતા તેના સ્વાદમાં પણ અનુભવી શકાય છે. આ પનીર (Cheese) ની ખાસિયત એ છે કે તે યાકના દૂધમાંથી બનાવવામાં આવે છે." મન કી બાતમાં સિક્કિમની વાંસની નવીનતા અને તેની પરંપરાગત છુરપી પનીરની આ જોડીને મળેલી ઓળખ, ટકાઉ વિકાસ અને સાંસ્કૃતિક ગૌરવની ભારતની યાત્રામાં રાજ્યની વધતી જતી ભૂમિકાને રેખાંકિત કરે છે.

ઐતિહાસિક વિરાસત અને આધુનિક વિકાસનો સંગમ: ૧૬મી સદીનું અગ્રણી વેપારી મથક અને સમૃદ્ધ બંદર સુરત હવે વૈશ્વિક ઓળખ ધરાવતું 'સિલ્ક સિટી' બન્યું

કમલમ્,ગાંધીનગર

દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈ આપવા માટે આગામી તા. ૧લી અને ૨જી મે ૨૦૨૬ના રોજ સુરતની ઓરો યુનિવર્સીટી ખાતે યોજાનાર 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)' મહત્વપૂર્ણ મંચ સાબિત થશે. આ મહત્ત્વાકાંક્ષી પ્રયાસથી ટેક્સટાઈલ સહિતના મુખ્ય ઉદ્યોગ ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણ આકર્ષાશે, વૈશ્વિક ખરીદદારો અને સ્થાનિક ઉત્પાદકો વચ્ચે સીધી જોડાણ ક્ષમતા વધશે તેમજ નવી ટેક્નોલોજી અને ઈનોવેશનના આદાન-પ્રદાનથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી દિશા મળશે. જેની માટીમાં વેપાર અને હવામાં સાહસ છે તેવું સૂર્યપુત્રી તાપી નદીના કિનારે વસેલું સુરત શહેર મુઘલ કાળથી તેની ભૌગોલિક અને ઐતિહાસિક વિશેષતાના કારણે વિશ્વના વ્યાપાર નકશા પર અંકિત થયું હતું. ૧૬મી સદીમાં એક સમૃદ્ધ બંદર તરીકે જાણીતું સુરત આજે ૨૧મી સદીમાં વિશ્વનું 'સિલ્ક સિટી' બની ગયું છે. સુરતને 'સિલ્ક સિટી'નું બિરૂદ મળવા પાછળ એક સમૃદ્ધ ઈતિહાસ છે. સદીઓ પહેલા સુરત બંદરથી રેશમી કાપડનો વેપાર આરબ અને યુરોપના દેશોમાં થતો હતો. સુરતે રિયલ સિલ્કની સાથે મેન-મેડ ફાઈબર (MMF) એટલે કે આર્ટ-સિલ્કમાં મહારત હાંસલ કરી છે. ભારતમાં બનતા કુલ આર્ટિફિશિયલ સિલ્કનું ૯૦ ટકા ઉત્પાદન એકલું સુરત કરે છે, સિલ્કમાં સુરતની વ્યાપારી કુશળતા 'સિલ્ક સિટી'થી ખ્યાતનામ બન્યું છે. સુરતની ગલી-કૂંચીઓમાં જરી અને કોટનના લઘુ ઉદ્યોગથી થયેલી શરૂઆત આજે આધુનિક ટેકનોલોજી અને કુશળ કાપડ ઉદ્યોગકારોના કારણે વૈશ્વિક ફલક પર વિસ્તર્યો છે. સુરતમાં ટેક્સટાઈલ ઉદ્યોગનો પાયો ૧૯મી સદીમાં નંખાયો હતો, જ્યાં ૧૮૬૬ થી ૧૮૮૧ દરમિયાન મિલો અને જિનિંગ ફેક્ટરીઓની શરૂઆત થઈ હતી. ૧૯૨૫માં ટેક્સટાઈલ એસેસરીઝના પ્રથમ કારખાના બાદ આજે આ શહેર ૨૪૦ ભવ્ય માર્કેટ્સ અને ૭૦ હજારથી વધુ વેપારીઓના વિશાળ નેટવર્કમાં પરિવર્તિત થયું છે. જે ઉદ્યોગ એક સમયે નાના પાયે શરૂ થયો હતો, તે આજે વાર્ષિક દોઢ લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે અને દેશના ખૂણેખૂણેથી ઉદ્યોગપતિઓ માટે રોકાણની પ્રથમ પસંદગી બન્યું છે. હાલમાં આ સેક્ટર અંદાજિત ૧૮થી ૨૦ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડી રહ્યું છે. સુરત અને દક્ષિણ ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ રાજ્યના GDPમાં ૨૫ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. એટલે જ દક્ષિણ ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથનું એન્જિન છે. વિશ્વના કુલ કાપડ ઉત્પાદનમાં ૩૦ ટકા અને મેનમેડ ફાઈબર ક્ષેત્રે ભારતનો ૬૫ ટકા હિસ્સો એકલા સુરતનો છે. સરળ શબ્દોમાં કહીએ તો દરરોજ પૃથ્વીના બે ચક્કર લગાવી શકાય તેટલું એટલે કે ૬ કરોડ મીટર કાપડનું ઉત્પાદન થાય છે. સુરતમાં ધમધમતા ૬૦૦થી વધુ પ્રોસેસ હાઉસ અને લાખો પાવરલૂમ્સને કારણે સુરત સાડીઓથી લઈને દેશના તિરંગા અને હાઈ-એન્ડ ફેશન ગારમેન્ટ્સનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની વ્યાપકતા તેની મજબૂત સપ્લાય ચેઈન અને આધુનિક ઉત્પાદન ક્ષમતામાં રહેલી છે. અહીંની માર્કેટોમાંથી ૫૦૦થી વધુ ટ્રાન્સપોર્ટરો દ્વારા દરરોજ લાખો પાર્સલ રોડ, રેલવે અને એર કાર્ગો મારફતે વિશ્વભરમાં મોકલવામાં આવે છે. સ્પિનિંગથી લઈને નીટિંગ સુધીની વેલ્યુચેઈનમાં ગુજરાત અને સુરત આજે ૯૦ ટકા MMF (મેન-મેડ ફાઈબર) કાપડનું ઉત્પાદન કરે છે. સુરતનું નીટેડ ફેબ્રિક વૈશ્વિક ફલક પર ચમકી રહ્યું છે. અમેરિકા, ઈઝરાયેલ અને ન્યુઝીલેન્ડ જેવા વિકસિત દેશો સુરતના નીટેડ ફેબ્રિક (ટેકનિકલ ટેક્સટાઈલ્સ)ના મુરીદ (ચાહક) છે. આ ઉપરાંત, સુરતમાં બનેલી સ્પોર્ટ્સ જર્સીની ઓલિમ્પિક અને IPL જેવી વૈશ્વિક રમતગમત સ્પર્ધાઓમાં પણ ભારે માંગ રહે છે. બુલેટ ટ્રેન, કોસ્ટલ રોડ અને નવસારીના પીએમ મિત્ર પાર્ક જેવા પ્રોજેક્ટ્સ સહિત ટેક્નોલોજી અપગ્રેડેશન માટે મળતી સહાય ટેક્સટાઈલ ઉદ્યોગ માટે ગેમ-ચેન્જર સાબિત થશે. આગામી તા. ૧લી અને ૨જી મે ના રોજ સુરત ખાતે યોજાનાર 'રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ' થી સુરતના ટેક્સટાઈલ સેક્ટરમાં મોટા પાયે વિદેશી રોકાણ (FDI) આકર્ષાશે, આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે સીધું નેટવર્કિંગ વધશે અને નવીનતમ ટેકનોલોજીના આદાન-પ્રદાનથી સ્થાનિક ઉત્પાદકો વૈશ્વિક સ્પર્ધામાં વધુ મજબૂત બનશે, જે આખરે સુરતને વિશ્વના અગ્રણી ટેક્સટાઈલ હબ તરીકેની છબીને વધુ મજબૂત બનાવશે. આમ, ઐતિહાસિક વિરાસત અને આધુનિક વિકાસનો સંગમ જ્યાં થયો છે એવા ૧૬મી સદીના અગ્રણી વેપારી મથક અને સમૃદ્ધ બંદર સુરતે હવે 'સિલ્ક સિટી' ના રૂપમાં વૈશ્વિક ઓળખ મેળવી છે.

ટેક્સટાઈલ પોલિસી હેઠળ સુરતના ઉદ્યોગોને સબસિડીનું પ્રોત્સાહન

ગુજરાત ટેક્સટાઈલ પોલિસી- ૨૦૧૯ અંતર્ગત સુરત જિલ્લાના ઉદ્યોગોને અભૂતપૂર્વ વેગ મળ્યો છે, જેમાં અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૩૨૫.૮૭ કરોડની સબસિડી ચૂકવવામાં આવી છે. આ પોલિસી હેઠળ નવા અને વિસ્તરણ પામતા એકમોને ૬ ટકા સુધીની વ્યાજ સહાય, વિવિંગ અને નીટિંગ એકમોને વીજ બિલમાં પ્રતિ યુનિટ રૂ. ૨થી ૩ની રાહત તેમજ ટેકનિકલ ટેક્સટાઈલ માટે મૂડી રોકાણ સહાય પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, ટેક્સટાઈલ પાર્કસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પર્યાવરણ સુરક્ષા માટે CETP પ્લાન્ટ્સ સ્થાપવા મોટી આર્થિક મદદ મળતા સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ વધુ આધુનિક, પ્રદૂષણમુક્ત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બન્યો છે.

ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગને ગ્લોબલી કેપેબલ બનાવવા સરકારનો માસ્ટરપ્લાન

રાજ્યના ટેક્સટાઈલ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્પર્ધા નવી 'ટેક્સટાઈલ પોલિસી- ૨૦૨૪' અમલી બની છે. આ પોલિસી હેઠળ નવા એકમોને ૧૦થી ૩૫ ટકા સુધીની કેપિટલ સબસિડી તેમજ વેલ્યુ એડિશન ચેઈન દ્વારા છેવાડાના ગામડાઓ સુધી રોજગારીની તકો ઊભી કરવામાં આવી છે. યુરોપ સાથેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) અને અમેરિકામાં ટેરિફ ઘટાડાથી સુરતના ગારમેન્ટ એક્સપોર્ટ માટે નવા વૈશ્વિક બજારો ખૂલ્યા છે.

આ વર્ષે સમય કરતા વહેલું આવશે ચોમાસું

હવામાન વિભાગે તારીખ સાથે કરી ભવિષ્યવાણી

સૌથી પહેલા આંદામાન અને નિકોબાર ટાપુમાં ચોમાસું ૧૮ થી ૨૫ મેની વચ્ચે દસ્તક આપી શકે છે

કમલમ્, નવી દિલ્હી,

યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ (ECMWF) ના નવા ડેટા અનુસાર, મે મહિનાના અંત સુધી ચોમાસુંના દક્ષિણ ભારત પહોંચવાની આશા છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસું ભારતમાં સૌથી પહેલા કેરળમાં દસ્તક આપે છે, અને તેના બાદ અન્ય રાજ્યો તરફ આગળ વધે છે. સૌથી પહેલા આંદામાન અને નિકોબાર ટાપુમાં આ ચોમાસું ૧૮ થી ૨૫ મેની વચ્ચે દસ્તક આપી શકે છે. કેરળમાં પણ ચોમાસુ ૨૫ મેની આસપાસ આવી જશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ વખતે ચોમાસું વહેલું આવવાનું કારણ અલ નીનો છે. હકીકતમાં, અલ નીનોની સ્થિતિ બનવાની શક્યતા બહુ જ ઓછી થઈ ગઈ છે. પોઝિટિવ ઈન્ડિયન ઓશન ડાઈપોલથી વરસાદ જલ્દી થવાનો છે અને ચોમાસું વહેલા દસ્તક આપે તેવુ દેખાઈ રહ્યું છે. જોકે, આ મહિનાની શરૂઆતમાં જ હવામાન વિભાગે કહ્યું હતું કે, આ વર્ષે ભારતમાં ચોમાસુ સામાન્ય કરતા ઓછું રહેવાની શક્યતા છે. જે ત્રણ વર્ષમાં પહેલીવાર આવું થશે. હવામાન વિભાગે કહ્યું હતું કે, ૨૦૨૬ માં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના મોસમ (જુનથી સપ્ટેમ્બર) માં સમગ્ર દેશમાં વરસાદ સામાન્યથી ઓછા રહેવાની શક્યતા છે. (લાંબા સમયથી અંદાજે (LPA) ના ૯૫-૯૦ ટકા).

યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જવેધર ફોરકાસ્ટ એટલે ECMWF ના અનુસાર, ચોમાસાની શરૂઆત વહેલા થવાની શક્યતા છે. ગત વર્ષે ૨૦૨૫ માં પણ અનુમાન હતું કે, કેરળમાં ચોમાસું ૨૭ મેથી ૨૯ મે વચ્ચે પહોંચી જશે. પરંતું તે પહેલા જ ચોમાસાએ દસ્તક આપી હતી. આ રીતે આ વર્ષે પણ વહેલા ચોમાસાના સંકેત છે. હાલનું હવામાનનું મોડલ બતાવે છે કે, હિન્દ મહાસાગરથી આવતી ગરમ હવાઓ તેજ બની રહી છે. જે બંગાળની ખાડી અને અંદામાન સાગરના ઉપર બની રહી છે. આ હવાઓને કારણે એ સમયે એ વિસ્તારમાં સામાન્યથી ૩૦ થી ૬૦ મિલીમીટર વધુ વરસાદ થઈ શકે છે.

આંદામાનના ઉત્તરમાં એક ટ્રોપિકલ સિસ્ટમ બનવાની ૨૦ થી ૪૦ ટકા સંભાવના વ્યક્ત કરાઈ છે. આવી સિસ્ટમ સામાન્ય રીતે ચોમાસાને આગળ વધારવામાં મદદ કરે છે. કારણ કે, તે વાતાવરણમાંથી વધુ ભેજ શોષી લે છે. તેના બાદ ૨૫ મેથી ૧ જુનની વચ્ચે ચોમાસાના આગળ વધવાના અણસાર છે. આ દરમિયાન દક્ષિણ-પૂર્વ અરબ સાગરના ઉપર તેજ પશ્ચિમી હવાઓ વહી શકે છે. જે ભેજને સીધા ભારતના દક્ષિણ-પશ્ચિમી તટ તરફ લઈ જાય છે. તેનાથી કેરળ અને તમિલનાડુના દક્ષિણી વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદ થવાની શક્યતા છે.

આ વર્ષના શરૂઆતમાં પડેલી ભીષણ ગરમીની શરૂઆત ચોમાસા પર પડી શકે છે. વધુ ગરમીને કારણે સમુદ્ર પરથી આવનારી હવાઓ પહેલા સક્રિય બની જાય છે. જેનાથી ચોમાસું જલ્દી આવવાની સંભાવના વધી જાય છે. હવામાન વિભાગના એક્સપર્ટસનું કહેવું છે કે, જો સમુદ્ર અને વાતાવરણની સ્થિતિમાં કોઈ બદલાવ ન થાય તો ચોમાસું ૨૫ મેની આસપાસ ભારતમાં દસ્તક આપી શકે છે. અત્યાર સુધીના સંકેત જણાવે છે કે, આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા વહેલુ આવી શકે છે. જોકે, હજી સુધી દેશના અનેક ભાગોમાં ગરમીથી રાહત મળી છી. પરંતુ જો આ અનુમાન સાચું સાબિત થયું, તો દક્ષિણ ભારતના લોકોને ગરમીથી મોટી રાહત મળશે.

પાંચ વર્ષમાં ખાનગી ક્ષેત્રનું સ્પેસ ઈન્વેસ્ટમેન્ટ ૬૦૦ મિલિયન યુએસ ડોલરને પાર કરી ગયું: ડો. જિતેન્દ્ર સિંઘ

ડો. જિતેન્દ્ર સિંઘે ભારતભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં સ્પેસ લેબોરેટરીઝ સ્થાપવાની યોજનાની સમીક્ષા કરી; પ્રથમ તબક્કામાં આવી સાત લેબ સ્થાપવામાં આવશે

- **ઇકોસિસ્ટમ ૪૦૦નો આંકડો પાર કરી જતાં ભારતના સ્પેસ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે ૧,૦૦૦ કરોડનું વેન્ચર ફંડ**
- **ટેક ફંડ્સ અને સીડ સપોર્ટ ભારતના સ્પેસ ઇનોવેશનને શક્તિ આપે છે; IN-SPACe યોજનાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વૃદ્ધિને વેગ આપે છે**

કમલમ્,

કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડો. જિતેન્દ્ર સિંઘે ભારતભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં સ્પેસ લેબોરેટરીઝ (અવકાશ પ્રયોગશાળાઓ) સ્થાપવાની યોજનાઓની સમીક્ષા કરી હતી, જેમાં વિદ્યાર્થીઓને સેટેલાઈટ સિસ્ટમ્સ, રોકેટરી અને મિશન ડિઝાઈનમાં પ્રાયોગિક અનુભવ પૂરો પાડવા માટે પ્રથમ તબક્કામાં આવી સાત લેબ સ્થાપવામાં આવશે. આ પહેલનો ઉદ્દેશ્ય ભારતના વિસ્તરતા અવકાશ ક્ષેત્ર માટે કુશળ યુવાનોની મજબૂત પાઈપલાઈન તૈયાર કરવાનો છે, જેણે બિન-સરકારી સંસ્થાઓ માટે આ ક્ષેત્ર ખોલ્યા પછી છેલ્લા પાંચ વર્ષમાં ૬૦૦ મિલિયન યુએસ ડોલરથી વધુનું ખાનગી રોકાણ આકર્ષ્યું છે. IN-SPACe ના ચેરમેન ડો. પવન ગોએન્કા દ્વારા વિગતવાર બ્રીફિંગ બાદ આ સમીક્ષા કરવામાં આવી હતી, જેમણે ભારતના સ્પેસ સુધારામાં થયેલી પ્રગતિ અને સમગ્ર વેલ્યુ ચેઈનમાં ખાનગી ખેલાડીઓની વધતી જતી ભાગીદારીની ઝાંખી રજૂ કરી હતી.

ભારતની ખાનગી સ્પેસ ઈકોસિસ્ટમ ઝડપથી વિસ્તરી છે, જેમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા ૨૦૧૯ માં સિંગલ ડિજિટથી વધીને ૨૦૨૬ ની શરૂઆત સુધીમાં ૪૦૦ થી વધુ થઈ ગઈ છે. આ સ્ટાર્ટઅપ્સ હવે લોન્ચ વ્હીકલ, સેટેલાઈટ અને પેલોડ મેન્યુફેક્ચરિંગ, ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા સર્વિસ અને ઉભરતા ઇન-ઓર્બિટ સેગમેન્ટમાં સક્રિય છે. વધતી જતી વૈશ્વિક રુચિ પણ સ્થાપિત સ્પેસ-ફેરિંગ રાષ્ટ્રો સહિત આંતરરાષ્ટ્રીય ગ્રાહકો સાથે વધતી જતી સંલગ્નતામાં પ્રતિબિંબિત થાય છે. આ ગતિને સમર્થન આપવા માટે, લક્ષિત પહેલોની શ્રેણી શરૂ કરવામાં આવી છે. ગ્રોથ-સ્ટેજ સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા માટે SIDBI સાથે ૧,૦૦૦ કરોડનું વેન્ચર કેપિટલ ફંડ કાર્યરત કરવામાં આવી રહ્યું છે, જ્યારે ૫૦૦ કરોડનું ટેકનોલોજી એડોપ્શન ફંડ પ્રારંભિક તબક્કાની નવીનતાઓને વ્યવસાયિક રીતે સધ્ધર ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવામાં સક્ષમ બનાવી રહ્યું છે. સીડ ફંડ સ્કીમ વિચારધારા અને પ્રોટોટાઈપ તબક્કે સ્ટાર્ટઅપ્સને ૧ કરોડ સુધીની ગ્રાન્ટ, સાથે મેન્ટરિંગ અને ઈકોસિસ્ટમ સપોર્ટ પૂરો પાડી રહી છે. કુશળ વર્કફોર્સ બનાવવાની કામગીરી પણ ચાલી રહી છે, જેમાં ૧૭ વિશિષ્ટ તાલીમ કાર્યક્રમો પૂર્ણ થયા છે અને સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ, લોન્ચ વ્હીકલ સિસ્ટમ્સ અને સ્પેસ સાયબર સિક્યુરિટી જેવા ક્ષેત્રોમાં આશરે ૯૦૦ સહભાગીઓને પ્રમાણિત કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીઓમાં આગામી સ્પેસ લેબોરેટરીઓ વ્યવહારુ અને પ્રાયોગિક શિક્ષણની તકો ઓફર કરીને આ ટેલેન્ટ પાઈપલાઈનને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોરચે, જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ ખાનગી આગેવાની હેઠળના અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ કોન્સ્ટેલેશન, સ્ટાર્ટઅપ્સ માટે શેર કરેલ સેટેલાઈટ બસ પ્લેટફોર્મનો વિકાસ અને અમદાવાદમા IN-SPACe ટેકનિકલ સેન્ટર ખાતે ડિઝાઈન, ઈન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ સુવિધાઓ સુધી વિસ્તૃત પહોંચ જેવી પહેલો દ્વારા નવી તકો ઊભી કરવામાં આવી રહી છે. સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV) સહિતના ટેકનોલોજી ટ્રાન્સફર પ્રોગ્રામ પણ ઉદ્યોગની ભાગીદારી સાથે આગળ વધી રહ્યા છે. અવકાશ ક્ષેત્રે ભારતની વૈશ્વિક સંલગ્નતા સતત ઊંડી થઈ રહી છે, જેમાં હવે ૪૫ થી વધુ દેશો સાથે ભાગીદારી ફેલાયેલી છે. તાજેતરના સહયોગમાં સિંગાપોર અને યુએઈ સાથેના કરારો, આંતરરાષ્ટ્રીય સ્પેસ ફોરમમાં ભારતીય કંપનીઓની ભાગીદારી અને સ્થાનિક સ્ટાર્ટઅપ્સને વૈશ્વિક બજારો સાથે જોડવાની પહેલનો સમાવેશ થાય છે. IN-SPACe ને તેની સ્થાપનાથી અત્યાર સુધીમાં સ્ટાર્ટઅપ્સ, MSMEs, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો તરફથી ૧,૦૦૦ થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે અને ૧૨૯ અધિકૃતતાઓ (authorisations) આપવામાં આવી છે, જે ભારતના સુધારેલા સ્પેસ ઈકોસિસ્ટમમાં વધતા આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

વર્લ્ડ બેંકની ચેતવણી

૨૦૫૦ સુધીમાં શહેરોમાં ગરમીની ચપેટમાં આવતા ગરીબોની સંખ્યા ૭૦૦% વધશે

આજે જેટલા ગરીબો ગરમીથી પ્રભાવિત છે, તેના કરતા સાત ગણા વધુ લોકો ૨૦૫૦માં આ આગ ઓકતી ગરમીમાં શેકાશે

કમલમ્, વોશિંગ્ટન

આજે દુનિયાના શહેરોમાં ગરમી એક સાઈલેન્ટ કિલરની જેમ ફેલાઈ રહી છે. ખાસ કરીને ગ્લોબલ સાઉથ એટલે કે ગરીબ દેશોના શહેરોમાં આ સમસ્યા ખૂબ જ ભયંકર બની ગઈ છે. ઝડપથી વધતા શહેરો, ઓછા સંસાધનો અને ગ્લોબલ વોર્મિંગને કારણે ગરમી હવે રોજબરોજની જિંદગીને સીધી અસર કરી રહી છે, લોકો કામ કરી શકતા નથી. બાળકો શાળાએ જઈ શકતા નથી. બીમાર લોકો હોસ્પિટલ પહોંચી શકતા નથી.

ગરમીથી વીજળીની માંગ એટલી વધી જાય છે કે સમગ્ર સિસ્ટમ પર બોજ પડે છે. પ્રદૂષણ પણ વધે છે. શહેરોમાં અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટને કારણે તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધારે રહે છે. આ ગરમી હવે માત્ર ગરમી નથી, પરંતુ મૃત્યુ, બેરોજગારી અને ભૂખમરાનું કારણ બની રહી છે.

વિશ્વ બેંકના નવા રિપોર્ટમાં ડરામણા આંકડા સામે આવ્યા છે. ૨૦૫૦ સુધીમાં શહેરોમાં રહેતા ગરીબ લોકોની સંખ્યા, જે ખતરનાક ગરમીનો સામનો કરી રહી હશે, તેમાં ૭૦૦ ટકાનો વધારો થશે. જેનો અર્થ એ છે કે આજે જેટલા ગરીબો ગરમીથી પ્રભાવિત છે, તેના કરતા સાત ગણા વધુ લોકો ૨૦૫૦માં આ આગ ઓકતી ગરમીમાં શેકાશે. સૌથી વધુ જોખમ પશ્ચિમ આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયાના શહેરો પર છે. અહીં ગરીબ પરિવારો, બહાર કામ કરતા મજૂરો, વૃદ્ધો અને બાળકો સૌથી પહેલા શિકાર બનશે. જો અત્યારે કોઈ પગલાં નહીં લેવામાં આવે તો હીટવેવ વધુ ઝડપથી અને લાંબી બનશે. લોકો મૃત્યુ પામશે, પરિવારો વિખેરાઈ જશે અને આખું શહેર ઠપ્પ થઈ જશે.

ગરમી પર કાબૂ ન મેળવવાનું પરિણામ ખૂબ જ ભયાનક હશે. કામ-ધંધા ઠપ્પ થઈ જશે. શાળાઓ બંધ થઈ જશે. હોસ્પિટલોમાં દર્દીઓની લાઈનો લાગશે. ગરમીને કારણે વીજળીની માંગ એટલી વધશે કે વીજ સંકટ ઘેરું બનશે. પ્રદૂષણ વધશે.

ગરીબી અને અસમાનતા વધશે. લોકો શહેર છોડીને ભાગવા લાગશે, આંતરિક અને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર વધશે. અર્થતંત્રને ભારે નુકસાન થશે. વિશ્વ બેંકનું કહેવું છે કે ગરમી હવે માત્ર મોસમી પરેશાની નથી. તે શહેરોની આખી વ્યવસ્થાને છિન્ન-ભિન્ન કરી દેશે. જો શહેરો અત્યારે તૈયાર નહીં થાય તો લાખો લોકો બેઘર થઈ જશે, ભૂખે મરશે અને ગરમીને કારણે થતા મોત સામાન્ય બની જશે.

સામાજિક ન્યાય પર રાષ્ટ્રીય ચિંતન શિબિર ચંદીગઢમાં અંત્યોદય-સંચાલિત વિકસિત ભારત ૨૦૪૭ માટે સમયબદ્ધ રોડમેપ સાથે સંપન્ના થઈ

સ્કોલરશિપથી લઈને સુલભતા અને ટ્રાન્સજેન્ડર કલ્યાણ સુધી, આ ચિંતન શિબિરે માત્ર નીતિગત ઈરાદા પર જ નહીં, પરંતુ વ્યવહારુ ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છેઃ કેન્દ્રીય મંત્રી ડો. વીરેન્દ્ર કુમાર

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ 'અંત્યોદય સે આત્મનિર્ભરતા', 'સમાવેશન-પહેચાન-એકીકરણ', 'આર્થિક સશક્તિકરણ', દિવ્યાંગો માટે સુલભતા અને પ્રમાણપત્ર પર અમલીકરણ યોગ્ય ભલામણો સ્વીકારી

ત્રણ દિવસીય શિબિરે સામાજિક ન્યાય પહોંચાડવા માટે કલ્યાણકારી ઈરાદાથી માપી શકાય તેવા પાયાના સ્તરના પરિણામો તરફ આગળ વધવાના સહિયારા સંકલ્પને મજબૂત બનાવ્યો

કમલમ્,

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયની ત્રણ દિવસીય રાષ્ટ્રીય ચિંતન શિબિર ચંદીગઢમાં સંપન્ન થઈ હતી, જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો "અંત્યોદય કા સંકલ્પ, અમૃત કાલ કા પ્રતિબિંબ – વિકસિત ભારત @2047" ની થીમ અનુરૂપ સામાજિક ન્યાય યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાની વ્યવસ્થાને મજબૂત કરવા માટે સમયબદ્ધ, અમલીકરણયોગ્ય ભલામણોના સમૂહ પર સંમત થયા હતા. ૨૪-૨૬ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસ માટે આયોજિત આ શિબિર ઉદ્ઘાટન સત્રના વિઝન, ગૌરવ અને સુલભતા પરના ધ્યાનથી આગળ વધીને બીજા અને ત્રીજા દિવસે સઘન થીમ-વાર વિચાર-વિમર્શ સુધી પહોંચી હતી, જે સમાપન સત્રમાં પરિણામોને ભવિષ્યલક્ષી રોડમેપમાં એકીકૃત કરવા સાથે પૂર્ણ થઈ હતી. કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી ડો. વીરેન્દ્ર કુમારે તેમના સમાપન સંબોધનમાં જણાવ્યું હતું કે, ત્રણ દિવસીય રાષ્ટ્રીય ચિંતન શિબિરે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સામાજિક ન્યાયની પહોંચ કેવી રીતે વધુ સુલભ, પ્રતિભાવશીલ અને અમલીકરણ-સંચાલિત બનાવી શકાય તે અંગે સામૂહિક રીતે વિચાર કરવા માટે એક ગંભીર અને પરિણામલક્ષી પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. તેમણે નોંધ્યું હતું કે વિચાર-વિમર્શ "અંત્યોદય કા સંકલ્પ, અમૃત કાલ કા પ્રતિબિંબ – વિકસિત ભારત @2047" ના વ્યાપક રાષ્ટ્રીય સંકલ્પમાં જોડાયેલો હતો અને પુનરોચ્ચાર કર્યો હતો કે સામાજિક ન્યાય હારમાળામાં ઉભેલા છેલ્લા વ્યક્તિ માટે ગૌરવ, સુલભતા અને સાતત્યમાં મૂળ ધરાવતો હોવો જોઈએ. ડો. વીરેન્દ્ર કુમારે અવલોકન કર્યું કે શિબિર દરમિયાનની ચર્ચાઓ વ્યાપક નીતિગત ઈરાદાથી આગળ વધી હતી અને સ્કોલરશિપ વિતરણ, નશામુક્તિ, વરિષ્ઠ નાગરિક કલ્યાણ, સુલભતા, દિવ્યાંગ વ્યક્તિઓ માટે પ્રમાણપત્ર અને વંચિત સમુદાયો માટે સમાવેશન-લિંક્ડ સપોર્ટ સિસ્ટમ જેવા ક્ષેત્રોમાં વ્યવહારુ ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ઉદ્ઘાટન સત્ર દરમિયાન લોન્ચ કરવામાં આવેલા પ્લેટફોર્મ અને એપ્લિકેશન સહિત મંત્રાલયની ચાલુ ડિજિટલ અને સંસ્થાકીય પહેલોનો ઉલ્લેખ કરતા, તેમણે ટેક્નોલોજી-સક્ષમ ગવર્નન્સ, પ્રક્રિયાનું સરળીકરણ, બહેતર દેખરેખ અને કેન્દ્ર તથા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે મજબૂત સંકલન પર ભાર મૂક્યો હતો જેથી કરીને પાત્ર લાભાર્થીઓ સુધી કોઈપણ વિલંબ વગર લાભ પહોંચે. કેન્દ્રીય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વિષયવસ્તુ આધારિત ભોજન, બ્રેકઆઉટ સત્રો અને જૂથ પ્રસ્તુતિઓમાંથી બહાર આવતી ભલામણો સામાજિક ન્યાય ક્ષેત્રમાં વધુ અસરકારક અમલીકરણ માળખું ઘડવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે મંત્રાલય ચિંતન શિબિરના પરિણામોને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ગાઢ ભાગીદારીમાં આગળ વધારશે, જેમાં ગરીબ, વંચિત અને સમાજના નબળા વર્ગો માટે સમાવેશન, સશક્તિકરણ અને પાયાના સ્તરે માપી શકાય તેવા પરિણામો પર સતત ભાર મૂકવામાં આવશે. ત્રીજા દિવસની શરુઆત યોગ સત્ર સાથે થઈ હતી, ત્યારબાદ "જાગરુકતા સે સુલભતા – DoSJE હેઠળ જાગૃતિથી સુલભતા" પર થીમેટિક બ્રેકફાસ્ટ યોજાયું હતું, જ્યાં સહભાગીઓએ યોજના-કેન્દ્રી વિચારસરણીથી આગળ વધીને અધિકાર-આધારિત, સાર્વત્રિક ડિઝાઈન અભિગમ તરફ જવાની જરૂરિયાત પર ચર્ચા કરી હતી જે સુલભતાને તમામ જાહેર માળખાગત સુવિધાઓ, સેવાઓ અને ડિજિટલ પ્લેટફોર્મ માટે અભિન્ન ગણે છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ દિવ્યાંગ વ્યક્તિઓ સહિત તમામને નિર્મિત વાતાવરણ, પરિવહન, ICT અને જાહેર સેવાઓ સુલભ બનાવવા માટે સતત જાગૃતિ, એન્જિનિયરો અને આર્કિટેક્ટ્સના ક્ષમતા નિર્માણ, ટેક્નોલોજીના બહેતર ઉપયોગ અને સ્થાનિક સંસ્થાઓની મજબૂત ભૂમિકાના મહત્વ પર ભાર મૂક્યો હતો. સવારના બ્રેકઆઉટ સત્રમાં, પાંચ થીમેટિક જૂથોએ વિકસિત ભારત ૨૦૪૭ માળખા હેઠળ વિગતવાર ચર્ચા અને પ્રસ્તુતિ માટે થીમ્સનો તેમનો બીજો સેટ હાથમાં લીધો હતો. જૂથ I એ "અંત્યોદય સે આત્મનિર્ભરતા: ક્ષેત્ર-આધારિત હસ્તક્ષેપ દ્વારા સામાજિક-આર્થિક વિકાસને વેગ આપવો" પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જેમાં PM-AJAY હેઠળ કન્વર્જન્સ, ગ્રામ વિકાસ યોજનાઓ, SC સમુદાયો માટે કૌશલ્ય અને આજીવિકા સહાય, અને ગ્રામીણ, જિલ્લા અને રાજ્યસ્તરે પરિણામ-લક્ષી દેખરેખની જરૂરિયાત જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. જૂથ II એ "સમાવેશન, પહેચાન ઔર એકીકરણ" પર વિચાર-વિમર્શ કર્યો હતો, જેમાં બિન-અધિસૂચિત, વિચરતી અને અર્ધ-વિચરતી જાતિઓ (DNTs/NTs/SNTs) ના આર્થિક સશક્તિકરણ માટેની SEED યોજના પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું અને ઐતિહાસિક રીતે હાંસિયામાં ધકેલાયેલા સમુદાયો માટે ચોક્કસ ગણતરી, પ્રમાણપત્ર અને સંવેદનશીલ વહીવટી પહોંચના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

જૂથ III એ "આર્થિક સશક્તિકરણ: ધિરાણ પહોંચનું લોકશાહીકરણ અને નાણાકીય સશક્તિકરણ" પર ચર્ચા કરી હતી, જેમા SC, OBC અને અન્ય વંચિત વર્ગો માટે ધિરાણની પહોંચ, કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા સહાય અને નાણાકીય સમાવેશન સુધારવાની રીતો તપાસવામાં આવી હતી, જેમાં હાલની નાણાકીય અને આજીવિકા યોજનાઓ સાથે વધુ સારા સંકલનનો સમાવેશ થાય છે. જૂથ IV એ "સુગમ્યતા સે સમાવેશન: સુલભતા" વિષય હાથમાં લીધો હતો, જેમાં બ્રેકઆઉટ પ્રેઝન્ટેશનના આધારે ૨૦૨૭-૨૮ સુધીમાં બિન-વાટાઘાટોપાત્ર સુલભતા ધોરણો, કેન્દ્રીય અવરોધ-મુક્ત પ્રયાસોને અનુરૂપ રાજ્ય-સ્તરની યોજનાઓ, ફાળવેલ ભંડોળ, પેનલમાં સામેલ સુલભતા ઓડિટર્સ અને વ્યવસ્થિત ક્ષમતા નિર્માણ માટે આહવાન કરવામાં આવ્યું હતું. જૂથ ૬ એ "પહેચાન સે સન્માન: દિવ્યાંગો માટે પ્રમાણપત્ર" પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જેમાં સમયસર, ટેકનોલોજી-સક્ષમ દિવ્યાંગતા પ્રમાણપત્ર, લાભો સુધી અવરોધ-મુક્ત પહોંચ અને વિભાગો વચ્ચે ડેટાના બહેતર સંકલનની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. તમામ જૂથોમાં, સહભાગીઓએ વસ્તી ગણતરી-૨૦૨૭ માં DNT સમુદાયોનો સમાવેશ, SEED યોજનાના અમલીકરણને મજબૂત બનાવવું, PM-AJAY અને અન્ય SC/OBC કાર્યક્રમો હેઠળ આજીવિકા અને સામાજિક સુરક્ષાના પગલાં વધારવા અને SMILE-TG પેટા-યોજના હેઠળ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે વ્યાપક પુનર્વસન જેવા વિશિષ્ટ મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ વૃદ્ધ જમીન અધિકારો, સ્કોલરશિપ વિતરણ, ટ્રાન્સજેન્ડર કલ્યાણ (ગરિમા ગ્રહ, સંરક્ષણ સેલ અને કલ્યાણ બોર્ડ સહિત), વરિષ્ઠ નાગરિકો માટે સમુદાય-આધારિત સહાય અને સુલભતામાં નવીનતાઓ પર શ્રેષ્ઠ પદ્ધતિઓ અને સફળતાની ગાથાઓ રજૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય તેનું પુનરાવર્તન અને સ્કેલ-અપ કરવાનો છે. "DoSJE યોજનાઓમાં પ્રક્રિયાઓનું સરળીકરણ (પ્રક્રિયા સરળીકરણ)" પર થીમેટિક લંચનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રક્રિયાઓને સરળ બનાવવા, દસ્તાવેજીકરણને તર્કસંગત બનાવવા, ફરિયાદ નિવારણને મજબૂત કરવા અને ભંડોળના પ્રવાહ અને વપરાશમાં સુધારો કરવા માટેના નક્કર પગલાં લેવામાં આવ્યા હતા. ચર્ચાઓમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે સ્કોલરશિપ, પેન્શન, પુનર્વસન સહાય, સુલભતા ગ્રાન્ટ અને અન્ય લાભો પાત્ર લાભાર્થીઓ સુધી કોઈપણ વિલંબ અથવા પ્રક્રિયાગત અવરોધો વિના પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે પ્રક્રિયાનું સરળીકરણ, ડિજિટલ પ્લેટફોર્મ અને સ્પષ્ટ સમયરેખા આવશ્યક છે. રાષ્ટ્રીય ચિંતન શિબિર એ સહિયારી સમજ સાથે સંપન્ન થઈ કે મંત્રાલય, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ગાઢ ભાગીદારીમાં, સુધારેલી માર્ગદર્શિકા, મજબૂત દેખરેખ, વ્યાપક પહોંચ અને સતત ક્ષમતા નિર્માણ દ્વારા વિચાર-વિમર્શના પરિણામોને સંરચિત રીતે આગળ વધારશે. ત્રણ દિવસની આ કવાયતે સામૂહિક સંકલ્પને મજબૂત બનાવ્યો છે કે સામાજિક ન્યાય ઈરાદાથી આગળ વધવો જોઈએ અને ગરીબ અને સૌથી વધુ વંચિત લોકોના જીવનમાં માપી શકાય તેવા સુધારામાં પરિવર્તિત થવો જોઈએ, જેનાથી ૨૦૪૭ સુધીમાં સર્વસમાવેશક, સશક્ત અને સમાન વિકસિત ભારતના વિઝનમાં યોગદાન આપી શકાય.

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ભારતના રમતગમત ક્ષેત્રના ભવિષ્ય માટે એકીકૃત, ખેલાડી-કેન્દ્રી વિઝન તૈયાર કરવા માટે 'શ્રીનગર ખેલ સંકલ્પ' લોન્ચ કર્યો

શ્રીનગરમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના યુવા બાબતો અને રમતગમત મંત્રીઓની ચિંતન શિબિરના બીજા દિવસે રમતગમત શાસન સુધારા, મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમ અને યુવા જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું

કમલમ્,
શ્રીનગરમાં ત્રણ દિવસીય ચિંતનશિબિરના અંતિમ દિવસે, ડૉ. મનસુખ માંડવિયાએ રાજ્યના રમતગમત મંત્રીઓ અને રમતગમત ક્ષેત્રના અગ્રણી દિગ્ગજો સાથે 'શ્રીનગર ખેલ સંકલ્પ' દસ્તાવેજ બહાર પાડ્યો હતો. આ દસ્તાવેજ સહકારી સંઘવાદ (coopertive federalism) દ્વારા રમતગમતની સંસ્કૃતિને મજબૂત કરવા માટેના સામૂહિક રાષ્ટ્રીય વિઝનની રૂપરેખા આપે છે, જેમાં ખેલાડી કેન્દ્રી વિકાસ, રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ, પ્રતિભા ઓળખ, પ્રાદેશિક સ્પોર્ટ્સ ક્લસ્ટરોનો વિકાસ અને એકતા, યુવા સશક્તિકરણ, આરોગ્ય, પ્રવાસન અને આર્થિક વૃદ્ધિ માટે રમતગમતનો લાભ લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તે મોટી વૈશ્વિક રમતગમત સ્પર્ધાઓની યજમાની કરવાની ભારતની આકાંક્ષાની પણ પુષ્ટિ કરે છે. શ્રીનગર ખેલ સંકલ્પ રમતગમતને રાષ્ટ્રનિર્માણના કેન્દ્રમાં રાખવા માટે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એકીકૃત સંકલ્પને પ્રતિબિંબિત કરે છે, જે સામાજિક સંવાદિતા કેળવવા, સમુદાયોને મજબૂત કરવા અને સ્વસ્થ, વધુ સશક્ત પેઢીના નિર્માણમાં તેની ભૂમિકાને સ્વીકારે છે. તે સહયોગી અને ખેલાડી-કેન્દ્રી અભિગમ પર ભાર મૂકે છે, જ્યાં સરકારો અને રમતગમત સંસ્થાઓ સુમેળમાં કામ કરે છે, દેશભરના એથ્લેટ્સ માટે સીમલેસ અને સહાયક ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રયત્નો અને સંસાધનોનું સંરેખણ કરે છે. આ સંકલ્પ આગળ ભારતની વિવિધતાને શક્તિ તરીકે ઉપયોગમાં લેવાના મહત્વની રૂપરેખા આપે છે, જે રાજ્યોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા, પ્રતિભા ઓળખવા અને તેમના અનન્ય ભૌગોલિક, સાંસ્કૃતિક અને પ્રાદેશિક સંદર્ભોમાં મૂળ ધરાવતી રમતગમત ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. તે રમતગમતને સામાજિક-આર્થિક વિકાસના ચાલક તરીકે પણ સ્થાપિત કરે છે, જે પ્રવાસનને વેગ આપવા, રોજગારી પેદા કરવા, સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને ઓલિમ્પિક અને વર્લ્ડ કપ સહિતની મુખ્ય વૈશ્વિક રમતગમત ઈવેન્ટ્સની યજમાની કરવા તરફ ભારતની મહત્વાકાંક્ષાને સક્ષમ બનાવવાની તેની ક્ષમતાને પ્રકાશિત કરે છે. ચિંતન શિબિરના અંતિમ દિવસની શરૂઆત ફિટ ઈન્ડિયા "સન્ડેઝ ઓન સાયકલ" (Sundays on Cycle) સાયકલોથોન સાથે થઈ હતી, જેનું નેતૃત્વ માનનીય કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા ખડસેએ કર્યું હતું, જે ફિટનેસ, શિસ્ત અને સામૂહિક ભાગીદારીનો સંદેશ આપે છે. ત્યારબાદ સ્પોર્ટ્સ ગવર્નન્સ, સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ અને 'માય ભારત' (MY Bharat) દ્વારા યુવા જોડાણ પર કેન્દ્રિત સત્રો યોજાયા હતા, જેમાં સંસ્થાકીય માળખાને મજબૂત કરવા, હિતધારકો વચ્ચે પારદર્શિતા અને સંકલન વધારવા અને રમતગમત વહીવટને વ્યાવસાયિક બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. વિચાર-વિમર્શ દરમિયાન ક્લસ્ટર-આધારિત વિકાસ, નવીનતા અને સ્થાનિક ઉદ્યોગ માટે સમર્થન દ્વારા ભારતને સ્પોર્ટ્સ સામાનના ઉત્પાદન માટે વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરવાની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જ્યારે યુવા ભાગીદારી અને નેતૃત્વ માટે સંરચિત પ્લેટફોર્મ બનાવવાના મહત્વની રૂપરેખા આપવામાં આવી હતી. સમાપન દિવસના વિચાર-વિમર્શમાં કેન્દ્ર, રાજ્યો અને તમામ હિતધારકોને સંલગ્ન એકીકૃત અને સંકલિત અભિગમના મહત્વનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો, જેમાં ચિંતન શિબિર ભારતમાં મજબૂત, સર્વસમાવેશક અને ભવિષ્ય માટે તૈયાર યુવા અને રમતગમત ઈકોસિસ્ટમના નિર્માણ માટે સંવાદ, સંરેખણ અને સામૂહિક કાર્યવાહી માટેના મુખ્ય પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે.

WMOની ચેતવણી

અલ નીનોને કારણે ભીષણ ગરમી પડશે, મે મહિનાથી દેખાશે અસર

કમલમ્, નવી દિલ્હી,
વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (WMO) એ એક ગંભીર ચેતવણી આપી છે કે, મે થી જુલાઈ મહિનાની વચ્ચે અલ નીનોની સ્થિતિ સક્રિય થઈ શકે છે. આ બદલાતી ભૌગોલિક સ્થિતિને કારણે ભારત સહિત સમગ્ર દક્ષિણ એશિયાના હવામાન પર વ્યાપક અસર પડવાની શક્યતા છે. પહેલા એવો અંદાજ હતો કે, આ સ્થિતિ ચોમાસાના બીજા હિસ્સા (ઓગસ્ટ-સપ્ટેમ્બર)માં બનશે, પરંતુ હવે તે વહેલું સક્રિય થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અલ નીનોના કારણે ભીષણ ગરમી પડશે.

આ બદલાતી ભૌગોલિક સ્થિતિને કારણે ભારત સહિત સમગ્ર દક્ષિણ એશિયાના હવામાન પર વ્યાપક અસર પડવાની શક્યતા

અલ નીનો એ એક એવી જળવાયુ સ્થિતિ છે જે દર ૨ થી ૭ વર્ષે સર્જાય છે અને સામાન્ય રીતે ૯ થી ૧૨ મહિના સુધી પ્રભાવી રહે છે. આ કુદરતી ઘટનાને કારણે વિશ્વના વિવિધ ભાગોમાં તાપમાન અને વરસાદની પેટર્નમાં મોટો ઉલટફેર જોવા મળે છે અને સામાન્ય રીતે વૈશ્વિક તાપમાનમાં વધારો થાય છે, જે ગરમીના નવા રેકોર્ડ સર્જી શકે છે. ભારત માટે આ સમાચાર ચિંતાજનક છે, કારણ કે ભારત હવામાન વિજ્ઞાન વિભાગે અગાઉથી જ આ વર્ષે દેશમાં સરેરાશ કરતા ઓછો વરસાદ રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

WMOના જણાવ્યા પ્રમાણે વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે, જેનાથી આગામી મહિને અલ નીનોની સ્થિતિ બનવાનો સંકેત મળી રહ્યો છે.

WMO એ જણાવ્યું છે કે મે, જૂન અને જુલાઈ દરમિયાન જમીનનું તાપમાન સામાન્ય કરતા વધારે રહેવાની શક્યતા છે. આનો અર્થ એ થયો કે લગભગ દરેક જગ્યાએ કાળઝાળ ગરમી પડી શકે છે. સંસ્થાનું માનવું છે કે આવી હવામાન આગાહી કૃષિ, પાણી વ્યવસ્થાપન, ઉર્જા અને આરોગ્ય જેવા ક્ષેત્રો માટે ખૂબ જરૂરી હોય છે, જેનાથી સમય રહેતા તૈયારી કરી શકાય.

WMOના જળવાયુ આગાહીના પ્રમુખ વિલ્ફ્રાન મૌફૂમા ઓકિયાએ કહ્યું કે વર્ષની શરૂઆતમાં તટસ્થ પરિસ્થિતિઓ હતી, પરંતુ હવે બધા મોડેલો અલ નીનોની રચનાની પુષ્ટિ કરી રહ્યા છે અને આગામી મહિનાઓમાં તેના વધુ મજબૂત થવાની સંભાવના છે. એક રિપોર્ટ પ્રમાણે હિન્દુ કુશ હિમાલય ક્ષેત્રમાં આ વર્ષે બરફના પ્રમાણમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. આ વર્ષે હિમવર્ષાનું પ્રમાણ સામાન્ય કરતા ૨૭.૮% ઓછું રહ્યું છે, જે છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી ઓછું છે. હિમાલયની પર્વતમાળાઓમાં બરફ ઓછો હોવાને કારણે અહીંથી નીકળતી નદીઓના જળસ્તર પર સીધી અસર પડી શકે છે.અને લગભગ ૨ અબજ લોકોની જળ સુરક્ષા સામે ગંભીર ખતરો પેદા થઈ શકે છે.

સામાન્ય રીતે અલ નીનો દરમિયાન ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા અને ભારતના કેટલાક ભાગોમાં વરસાદ ઓછો અથવા તો દુષ્કાળની સ્થિતિ બને છે. જ્યારે દક્ષિણ અમેરિકા, અમેરિકાના દક્ષિણ ભાગો, આફ્રિકાના કેટલાક ભાગો અને મધ્ય એશિયામાં વધુ વરસાદ જોવા મળે છે.

ગુજરાતમાં તરખાટ મચાવનાર તમિલનાડુની ખૂંખાર ગેંગનો પર્દાફાશ

કમલમ્, વાપી,
રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દમણ પોલીસને મોટી સફળતા મળી છે. દમણ પોલીસે ચોરીના ગુનાઓમાં કુખ્યાત તમિલનાડુની એક આંતરરાજ્ય ગેંગના ચાર સાગરીતોને દબોચી લીધા છે અને અંદાજે ૧૩ લાખ ૩૮ હજારની કિંમતના ચોરીનો મુદ્દામાલ પણ કબજે કર્યો છે. આરોપીઓની અત્યાર સુધીની પૂછપરછમાં તેઓએ દમણ ઉપરાંત વલસાડ જિલ્લાના અનેક વિસ્તારોમાં ચોરી કરી અને વલસાડ જિલ્લા પોલીસને પણ દોડતી કરી દીધી હતી. ત્યારે કોણ છે આ ગેંગ? અને કેવી રીતે આચરતી હતી ચોરી? જોઈએ આ અહેવાલ.

રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દમણના નાની દમણ વિસ્તારમાં થોડા દિવસ અગાઉ એક ઘરમાંથી ચોરી થઈ હતી. વહેલી સવારે ઘરમાંથી મોબાઈલ સહિત અન્ય કીમતી ઉપકરણોની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી અને ફરાર થઈ ગયા હતા. સાડા પાંચ લાખથી વધુની ચોરીની ફરિયાદ પોલીસ સ્ટેશન સુધી પહોંચી હતી. ત્યાર બાદ મામલાને ગંભીરતાથી લઈ દમણ પોલીસે વિવિધ ટીમો બનાવી અને તપાસ શરુ કરી હતી. તપાસના અંતે દમણ પોલીસે વાપીના તળાવ ફળિયા નજીકથી ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

પ્રાથમિક તપાસમાં ચારે આરોપીઓ મૂળ તમિલનાડુના વેલોર જિલ્લાના છે અને તેઓ વાપીમાં રહી અને આસપાસના વિસ્તારમાં ચોરી કરી અને ફરાર થઈ જતા હતા. પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓ પર એક નજર કરીએ તો, જીવા મુનિયપ્પા, આર્યા અનિયપ્પન, મુનિયપ્પા બલરાજ, મુનિયપ્પા મુરગનનો સમાવેશ થાય છે.

પોલીસની અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે આ આરોપીઓ મૂળ તમિલનાડુના વેલ્લોર જિલ્લાના છે. તેઓ ત્યાંથી અવારનવાર દેશના ખૂણે ખૂણે પહોંચતા હતા અને જે તે વિસ્તારની રેકી કરી અને કોઈ મકાનને નિશાન બનાવતા હતા. તેમાંથી ગણતરીના સમયમાં જ ચોરી કરી અને ફરાર થઈ જતા હતા. આરોપીઓ મોટેભાગે વહેલી સવારે જ ચોરી કરતા હતા. વહેલી સવારે નોકરી ધંધે જવાનો સમય હોવાથી મોટે ભાગે ઘરના દરવાજાઓ ખુલ્લા હોય છે. આથી આ સમયનો ગેરલાભ લઈ અને આ આરોપીઓ ગણતરીના સમયમાં જ ઘરમાંથી કીમતી ચીજ વસ્તુઓની ચોરી કરી અને પલવારમાં ફરાર થઈ જતા હતા.

આરોપીઓ છેલ્લા કેટલાક સમયથી વાપીના તળાવ ફળિયા નજીક એક ચાલીમાં રહેતા હતા અને ત્યારબાદ તેઓ વાપી અને આસપાસના વિસ્તારમાં વહેલી સવારે આવી રીતે ચોરી કરતા હતા. અને જો પકડાઈ જાય તો તેઓ તમિલ ભાષામાં વાતો કરી અને સામેવાળા વ્યક્તિને ભરમાવી દેતા હતા. અત્યાર સુધીની તપાસમાં આરોપીઓએ ન માત્ર દમણ પરંતુ વાપી, સંજાણ, ભીલાડ, પારડી સહિતના વિસ્તારોમાં પણ આવી જ રીતે ચોરીઓને અંજામ આપ્યો હતો. આરોપીઓ સુધી પહોંચવા દમણ પોલીસે ૧૨૦ થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કર્યા હતા અને ત્યારબાદ તપાસના અંતે વાપી રેલવે સ્ટેશન નજીકથી તેઓને મહત્વની કડી મળતા તેઓએ વાપીના તળાવ ફળિયા નજીક એક ચાલીમાં રાત્રે રેડ કરી અને આરોપીઓને દબોચી લીધા હતા. આરોપીઓ પાસેથી પોલીસે ૫૦ મોબાઈલ, ૫ લેપટોપ, એક ટેબલેટ સહિત અંદાજે ૧૩,૩૮,૦૦૦ થી વધુની કિંમતનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો.

પોલીસના હાથે ઝડપાયેલા આ ગેંગના આરોપીઓ મૂળ તમિલનાડુના વેલોર જિલ્લાના છે. પરંતુ અગાઉ દેશના અનેક રાજ્યોમાં તેમના કારનામાઓ પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે. જેમાં દિલ્હી, મુંબઈ સહિત દેશના અનેક શહેરોમાં આવી જ રીતે ચોરી કરી અને અનેક રાજ્યોની પોલીસને દોડતી કરી દીધી હતી. અત્યારે પોલીસના હાથે આરોપીઓ લાગતા હવે આગામી તપાસમાં આ ગેંગે આચરેલા અનેક ગુનાઓના ભેદ ઉકેલવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના

જમાઈએ પત્ની-સાસુની ગળું કાપીને ખેલ્યો લોહિયાળ જંગ

આ હુમલામાં સસરા પણ ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘટનાને અંજામ આપી આરોપી ફરાર થઈ ગયો

કમલમ્, બછઈપુર,
નગરા પોલીસ સ્ટેશન વિસ્તારના બછઈપુર ગામમાં આ સનસનાટીભરી ઘટના બની હતી. આરોપી જમાઈ અમિત ગુપ્તાએ રાત્રિના સમયે સસરાના ઘરમાં ઘૂસીને ભારે તાંડવ મચાવ્યું હતું. તેણે પત્ની પ્રીતિ અને સાસુ સુશીલા દેવીની હત્યા કરી નાખી, જ્યારે વચ્ચે બચાવ કરવા આવેલા સસરા અંતુ ગુપ્તા પર પણ જીવલેણ હુમલો કર્યો હતો. અંતુ ગુપ્તાની હાલત ગંભીર હોવાથી તેમને વારાણસી રેફર કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ અમિત ગુપ્તા તરીકે ઓળખાતા આરોપીએ તેની પત્ની પ્રીતિ અને સાસુ સુશીલા દેવીની ક્રૂરતાથી હત્યા કરી હતી. તેણે દરમિયાનગીરી કરવા આવેલા તેના સસરા અંતુ ગુપ્તા પર પણ હુમલો કર્યો હતો અને ગંભીર હાલતમાં તેમને વારાણસી રિફર કરવામાં આવ્યા હતા. પ્રીતિ અને અમિતના ૨૦૨૨માં પ્રેમ લગ્ન થયા હતા. શરૂઆતમાં બધું સામાન્ય લાગતું હતું, પરંતુ સમય જતાં તેમના સંબંધોમાં તિરાડ વધતી ગઈ. પરિવારના સભ્યોનો આરોપ છે કે લગ્ન પછી પણ બંને વચ્ચે સંઘર્ષ ચાલુ રહ્યો અને પરિસ્થિતિ બગડતી રહી.

પ્રીતિ છેલ્લા ૧૦ દિવસથી તેના પિયરમાં રહેતી હતી. ગઈકાલે રાત્રે આરોપી અમિત અચાનક ત્યાં પહોંચ્યો અને સીધો જ રૂમમાં ઘૂસી ગયો હતો. તે પત્ની પાસેથી બાળકને છીનવવાનો પ્રયાસ કરવા લાગ્યો. જ્યારે પ્રીતિએ તેનો વિરોધ કર્યો, ત્યારે ઉશ્કેરાયેલા અમિતે ચાકુથી તેના પર ઉપરાછાપરી હુમલો કરી દીધો. બૂમાબૂમ સાંભળીને જ્યારે સાસુ અને સસરા તેને બચાવવા દોડી આવ્યા, ત્યારે આ માથાફરેલા શખ્સે તેમના પર પણ હુમલો કર્યો. આ હુમલામાં પત્ની પ્રીતિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે અને સાસુ સુશીલા દેવીનું પણ ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે સસરા અંતુ ગુપ્તા ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘટનાને અંજામ આપનાર આરોપી ઘટનાસ્થળે જ ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. મૃતકની બહેને આક્ષેપ કર્યો છે કે અમિત અગાઉ પણ પ્રીતિ સાથે મારપીટ કરતો હતો. હાલમાં પોલીસ ફરાર આરોપી અમિતને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને આગળની તપાસ હાથ ધરી છે. મૃતકના પરિવારનો આરોપ છે કે લગ્ન પછી અમિત પ્રીતિને ઘરે લઈ જવાને બદલે બીજે ક્યાંક લઈ ગયો અને તેના પર હુમલો કર્યો. પ્રીતિ છેલ્લા ૧૦ દિવસથી તેના માતાપિતાના ઘરે રહેતી હતી. મૃતકની બહેને જણાવ્યું કે અમિત ગઈકાલે રાત્રે ચોરીછૂપીથી તેના સાસરિયાના ઘરે પહોંચ્યો હતો. તેણે તેની પત્નીના રૂમમાં ઘૂસીને બાળકને છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પ્રીતિએ પ્રતિકાર કર્યો ત્યારે અમિતે તેના પર છરીથી હુમલો કર્યો. જ્યારે તેની માતા અને પિતા તેની ચીસો સાંભળીને તેને બચાવવા આવ્યા, ત્યારે પાગલ વ્યક્તિએ તેમને પણ છોડ્યા નહીં. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે અને ફરાર આરોપીની શોધ શરૂ કરી છે.

હિમાલયના બરફમાં ઘટાડાથી સ્થિતિ ગંભીર

અલ નીનો ભારતમાં મચાવશે કહેર, ચોમાસા પર મોટું સંકટ

WMO અનુસાર, ૨૦૨૬માં અલ નીનોની વાપસીથી ભારતમાં ઓછો વરસાદ અને વધુ ગરમીનો ખતરો છે



કમલમ્, નવી દિલ્હી,
વિશ્વભરમાં હવામાનના બદલાતા મિજાજ વચ્ચે ભારત માટે ૨૦૨૬ પડકારજનક સાબિત થઈ શકે છે. વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠને (WMO) સંકેત આપ્યો છે કે પ્રશાંત મહાસાગરમાં તાપમાન વધવાને કારણે અલ નીનોની સ્થિતિ ફરી સર્જાઈ શકે છે. શરૂઆતી પૂર્વાનુમાન મુજબ મે થી જુલાઈ વચ્ચે તેની અસર દેખાવાનું શરૂ થઈ શકે છે અને વર્ષના અંત સુધીમાં તે વધુ તીવ્ર બની શકે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે હાલમાં સ્થિતિ તટસ્થ છે, પરંતુ ક્લાયમેટ મોડલ ઝડપથી અલ નીનો તરફ ઝુકાવ દર્શાવી રહ્યા છે. તેનાથી વૈશ્વિક હવામાન પ્રણાલીમાં મોટા ફેરફારોની શક્યતા બની રહી છે, જેની સીધી અસર ભારત પર પણ પડશે.

અલ નીનો એ એક કુદરતી આબોહવાની પેટર્ન છે, જેમાં મધ્ય અને પૂર્વી પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય કરતા વધુ ગરમ થઈ જાય છે. તે 'એલ નીનો-સધર્ન ઓસિલેશન' (ENSO) ચક્રનો એક ભાગ છે, જેમાં ત્રણ તબક્કા હોય છે. જેમાં અલ નીનો (ગરમ), લા નીના (ઠંડો) અને તટસ્થ અવસ્થા. જ્યારે અલ નીનો સક્રિય થાય છે, ત્યારે તે વિશ્વભરમાં પવન અને વરસાદની પેટર્ન બદલી નાખે છે. આ જ કારણ છે કે કેટલાક વિસ્તારોમાં દુષ્કાળ વધે છે, જ્યારે કેટલીક જગ્યાએ અતિશય વરસાદ થાય છે. આ અસંતુલન વૈશ્વિક સ્તરે હવામાનને અતિશય (extreme) બનાવી દે છે.

અલ નીનોની અસર માત્ર એક પ્રદેશ પૂરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ સમગ્ર વિશ્વમાં હવામાનનું ચિત્ર બદલાઈ જાય છે. ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ શકે છે, જ્યારે દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના કેટલાક ભાગોમાં ભારે વરસાદ જોવા મળે છે. આ સાથે વૈશ્વિક તાપમાનમાં વધારો, ચક્રવાતોની તીવ્રતામાં ફેરફાર અને હવામાનની અનિશ્ચિતતા વધી જાય છે. WMO અનુસાર, ૨૦૨૬ના મધ્ય મહિનાઓમાં ઉત્તર અમેરિકા, યુરોપ અને આફ્રિકાના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જળવાયુ પરિવર્તનને કારણે અલ નીનોની અસરો વધુ ગંભીર બની રહી છે. સમુદ્ર અને વાતાવરણમાં વધતી ગરમીને કારણે આવી ઘટનાઓ વધુ તીવ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે.

ભારત અલ નીનો પ્રત્યે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે, કારણ કે દેશની અર્થવ્યવસ્થા અને કૃષિ ઘણી હદ સુધી ચોમાસા પર નિર્ભર છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અગાઉથી જ સંકેત આપી ચૂક્યું છે કે ૨૦૨૬નું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય કરતાં નબળું રહી શકે છે અને તે લાંબા ગાળાની સરેરાશના લગભગ ૯૨% જ રહી શકે છે. અલ નીનો વાળા વર્ષોમાં સામાન્યરીતે ભારતમાં ચોમાસાનો વરસાદ ઓછો થાય છે, વરસાદનું વિતરણ અસમાન રહે છે અને લાંબા દુષ્કાળના ગાળા જોવા મળે છે. તેની સીધી અસર ખેડૂતોની આવક, પાક ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્ર પર પડે છે. આ સિવાય હીટવેવ વધુ તીવ્ર બની શકે છે, જેનાથી સ્વાસ્થ્ય અને જળ સંસાધનો પર દબાણ વધે છે.

બીજી એક ગંભીર ચિંતા હિમાલય ક્ષેત્ર સાથે જોડાયેલી છે. અહેવાલો અનુસાર, હિંદુ કુશ હિમાલય ક્ષેત્રમાં હિમવર્ષા સામાન્ય કરતા લગભગ ૨૭.૮% ઓછી નોંધાઈ છે, જે છેલ્લા ઘણા વર્ષોમાં સૌથી નીચું સ્તર છે. આ વિસ્તાર ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્રા જેવી મોટી નદીઓ માટે જળ સ્રોત તરીકે કામ કરે છે. બરફનું ઓછું થવું એ સંકેત આપે છે કે ઉનાળામાં નદીઓના જળ સ્તર ઘટી શકે છે, જેનાથી સિંચાઈ, પીવાના પાણી અને વીજ ઉત્પાદન પર અસર પડી શકે છે. જો અલ નીનોના કારણે વરસાદ પણ ઓછો થાય, તો આ સ્થિતિ વધુ ગંભીર બની શકે છે અને ઘણા ભાગોમાં જળ સંકટ વધી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જો અલ નીનોનું પૂર્વાનુમાન સાચું સાબિત થાય છે, તો ભારતને અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે. જેમાં નબળું ચોમાસું, વધુ તાપમાન, લૂની તીવ્રતા, પાણીની અછત અને કૃષિ ઉત્પાદનમાં ઘટાડો સામેલ છે. આ ઉપરાંત ખાદ્ય ચીજોના ભાવમાં વધારો અને ગ્રામીણ આવક પર દબાણ પણ જોવા મળી શકે છે. આ સ્થિતિ માત્ર આર્થિક જ નહીં પરંતુ સામાજિક સ્તરે પણ અસર કરી શકે છે. જણાવી દઈએ કે અલ નીનો એક કુદરતી ચક્ર છે, પરંતુ બદલાતી આબોહવાના યુગમાં તેની અસરો વધુ જોખમી બની ગઈ છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028